RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 190* Date: 08.05.2022 Sunday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### શરૂઆતમાં આંધ્રપ્રદેશ-ઓડિશાના દરિયાકાંઠે પહોંચે તેવી સંભાવના

# આગામી ૨૪ કલાકમાં બંગાળની ખાડી પર ચક્રવાત પહોંચશે



નવીદિલ્હી,તા.૭

દેશના અનેક રાજયોમાં હવામાન બદલાઈ રહ્યું છે. આગામી ૨૪ કલાકમાં વાવાઝોડું બંગાળની ખાડી પર પહોંચી જશે. આ દરમિયાન કેટલાક રાજયોમાં ૪૫ થી ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. જેથી અનેક સ્થળો પર ભારે વરસાદ ખાબકવાની શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર વાવાઝોડું આંધ્રપ્રદેશ અને ઓડિશા પાસે ૧૦ મેના રોજ પહોંચી જશે. આ વાવાઝોડાનું નામ 'અસાની' રાખવામાં આવ્યું છે. આ ચક્રવાત વિશાખાપટ્ટનમ અને ભુવનેશ્વરથી ૧૦થી ૧૧ મે સુધી પહોંચશે. અસાની ચક્રવાતને લઈ હવામાન વિભાગ તરફથી ચેતવણી ઈશ્યૂ કરવામાં આવી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કેસ અંડમાન અને નિકોબારમાં ભારે વરસાદની સંભાવના છે. આ દરમિયાન બંગાળની ખાડીની આસપાસ ૪૫ થી ૬૫ કિ.મી.પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

આ સિવાય દરિયા કિનારે રહેતા નાગરિકોને પણ એલર્ટ કરાયા છે. તેમજ માછીમારોને ચેતવણી આપી છે કે આગામી ત્રણથી ચાર દિવસ દરિયામાં માછીમારી માટે ન જાય.

દક્ષિણ આંદામાન સમુદ્ર પરનું નીચા દબાણનું ક્ષેત્ર ચક્રવાતી તોફાનમાં વધુ તીવ્ર બને અને આવતા સપ્તાહની શરૂઆતમાઆંધ્રપ્રદેશ-ઓડિશાના દરિયાકાંઠે પહોંચે તેવી સંભાવના છે. અધિકારીઓએ આ માહિતી આપી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, હવામાન પ્રણાલી ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી શકે છે અને દક્ષિણ આંદામાન સમુદ્ર અને તેની નજીકના દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર દબાણ વિસ્તારમાં ફેરવાય તેવી શક્યતા છે. રવિવાર સાંજ સુધીમાં તે ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ શકે છે. હવામાન કચેરીએ ચક્રવાતી વાવાઝોડાને જોતા આવતા સપ્તાહે પશ્ચિમ બંગાળના કેટલાક જિલ્લાઓમાં વાવાઝોડા અને ભારે વરસાદની ચેતવણી પણ આપી છે.

ઓડિશા સરકાર અનુસાર, હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને ફાયર સર્વિસીસને તૈયાર રહેવા માટે કહેવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ ઉનાળામાં આ પ્રદેશે ચક્રવાતી તોફાનોનો અનુભવ કર્યો હતો. ઓડિશામાં ૨૦૨૧માં 'યાસ', ૨૦૨૦માં 'અમ્ફાન' અને ૨૦૧૯માં 'ફાની' હતી.

ભારતીય હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, લો પ્રેશર એરિયા ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને દક્ષિણપૂર્વ બંગાળની ખાડીમાં દબાણ વિસ્તારમાં ફેરવાઈ રહ્યું છે અને પૂર્વ-મધ્ય બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની શક્યતા છે. તે ૧૦ મે સુધીમાં દરિયાકાંઠે પહોંચી શકે છે. મહાપાત્રાએ કહ્યું, "અમે હજુ સુધી આગાહી કરી નથી કે તે ક્યાં દસ્તક આપશે. અમે તેના નોક દરમિયાન પવનની સંભવિત ગતિનો પણ કોઈ ઉલ્લેખ કર્યો નથી.

ઓડિશાના વિશેષ રાહત કમિશનર પી.કે.જેનાએ કહ્યું હતું કે "અમે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ),ઓડિશા ડિઝાસ્ટર રેપિડ રિસ્પોન્સ ફોર્સની ૧૭ ટીમો અને ફાયર વિભાગની ૧૭૫ ટીમોને બોલાવી છે," આ સિવાય એનડીઆરએફ સત્તાવાળાઓને કોઈપણ ઈમરજન્સી માટે ૧૦ વધુ ટીમો તૈયાર રાખવા વિનંતી કરવામાં આવી છે. જેનાએ કહ્યું કે ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડને દરિયામાં માછીમારોની હિલચાલ પર નજર રાખવા માટે સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે.

મહાપાત્રાએ કહ્યું, "આઈએમડી ચક્રવાત, તેના પવનની ગતિ, પછાડવાની જગ્યા વિશે ૭ મેના રોજ દબાણ ક્ષેત્રની રચના પછી જ માહિતી આપી શકે છે. દરિયામાં ઉંચા મોજાને કારણે ૯મી મેથી માછીમારોએ ત્યાં ન જવું જોઈએ. અમારું અનુમાન છે કે ચક્રવાતી તોફાન દરમિયાન પવનની ઝડપ ૮૦-૯૦ કિમી પ્રતિ કલાકની રહેશે.ઓડિશા ઉપરાંત ચક્રવાતી તોફાન આસાનીની અસર પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, આંધ્ર પ્રદેશ, ઝારખંડ, ઉત્તર-પૂર્વના ઘણા રાજ્યોમાં જોવા મળી શકે છે આઈએમડીએ ઓડિશા માટે યલો એલર્ટ જાહેર કર્યું છે

ફાયર સર્વિસના મહાનિર્દેશક એસ કે ઉપાધ્યાયે જણાવ્યું કે ફાયર બ્રિગેડના કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે. જેનાએ જણાવ્યું હતું કે જિલ્લા કલેક્ટરને એલર્ટ કરવામાં આવ્યા છે અને તમામ જરૂરી પગલાં લેવા જણાવ્યું છે.આ પહેલા ડિસેમ્બર ૨૦૨૧માં વાવાઝોડુ જાવડ ભારતમાં આવ્યું હતું. સાથે જ ચક્રવાત ગુલાબે સપ્ટેમ્બર ૨૦૨૧ માં દસ્તક આપી હતી, જ્યારે મે ૨૦૨૧ માં, ચક્રવાત યાસે બંગાળ, બિહાર સહિત ઘણા રાજ્યોમાં તબાહી મચાવી હતી.

### સુપ્રીમ કોર્ટને બે નવા જજ મળ્યા

## પાંચ વર્ષ પછી લઘુમતી સમુદાયમાંથી ગુજરાતના પારડીવાલા જજ બન્યા

,નવીદિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટને બે નવા જજ મળ્યા છે. નામોની ભલામણના ૪૮ કલાકની અંદર કેન્દ્રએ નિમણૂકની સૂચના જારી કરી દીધી છે. ગુહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને ગુજરાત હાઈકોર્ટના જજ જમશેદ બી પારડીવાલાની સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિએ તેમના નામ પર મહોર લગાવી છે. ૫ મેના રોજ સુપ્રીમ કોર્ટ કોલેજિયમે બે નવા જજોની ભલામણ કેન્દ્ર સરકારને મોકલી હતી.

સીજેઆઈ એનવી રમનાની આગેવાની હેઠળની જીઝ કૉલેજિયમે સુધાંશુ ધુલિયા અને જમશેદ બી પારડીવાલાને સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિયુક્ત કરવાની ભલામણ પર નિર્ણય લીધો હતો. આ બંને જજ સોમવારે તેમના નવા પદના શપથ લઈ શકે છે. એવી માહિતી છે કે જસ્ટિસ પારડીવાલા ભારતના મુખ્ય ન્યાયાધીશ એટલે કે સીજેઆઇ બનશે. તેઓ મે ૨૦૨૮માં દેશના સીજેઆઇ બની શકે છે. તેમનો કાર્યકાળ લગભગ ૨ વર્ષ ૩ મહિનાનો રહેશે. તેઓ સુપ્રીમ કોર્ટના ચોથા પારસી જજ છે. તેમની નિમણૂકનો અર્થ એ છે કે ૫ વર્ષના અંતરાલ પછી લઘુમતી સમુદાયના ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવી છે. અગાઉ, જજ એસ અબ્દુલ નઝીરની ફેબ્રુઆરી ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટમાં નિમણૂક કરવામાં આવી હતી.

જસ્ટિસ ધૂલિયા ઉત્તરાખંડ હાઈકોર્ટમાંથી બઢતી મેળવનારા બીજા જજ હશે. ઝત્નૈં જસ્ટિસ એનવી રમનાની આગેવાની હેઠળના પાંચ જજોના કૉલેજિયમે ગયા વર્ષના ઑગસ્ટથી અત્યાર સુધીમાં રેકોર્ડ સંખ્યામાં ૧૧ નામોની ભલામણ કરી છે. તેમાંથી ૩ મહિલાઓ સહિત ૯ને ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ ઝત્નૈં દ્બઙ્ક રમના દ્વારા સુપ્રીમ કોર્ટના જજ તરીકે શપથ લીધા હતા.

સીજેઆઈ રમના, જસ્ટિસ યુ યુ લલિત, જસ્ટિસ એએમ ખાનવિલકર, જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ અને જસ્ટિસ એલ નાગેશ્વર રાવના બનેલા સમાન કૉલેજિયમે વિવિધ હાઈકોર્ટમાં ૧૦ નવા મુખ્ય ન્યાયાધીશોની નિમણૂકની ભલામણ પણ કરી હતી. ત્રણ જજના કોલેજિયમે અત્યાર સુધીમાં વિવિધ હાઈકોર્ટના જજ તરીકે નિમણૂક માટે ૧૮૦ નામોની ભલામણ કરી છે.

### દેશના અનેક વિસ્તારોમાં એરટેલની બ્રોડબેન્ડ સેવા ખોરવાઇ

નવીદિલ્હી,તા.૭

દેશની ટોચની મોબાઇલ કંપની એરટેલની બ્રોડબેન્ડ સેવા ગઇકાલે રાત્રે ખોરવાઇ જતા દેશના કરોડો યુઝર્સ ઇન્ટરનેટ સેવાથી વંચિત રહી ગયા હતા અને ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર કંપનીના જણાવ્યા મુજબ ગઇકાલે દિલ્હી, એનસીઆર, મુંબઇ, બેંગ્લોર, હૈદ્રાબાદ, જયપુર અને દેશના અનેક શહેરોમાં બ્રોડબેન્ડ સેવા ખોરવાઇ ગઇ હતી. જેના કારણે ઘરેલું બ્રોડબેન્ડ તથા મોબાઇલ ઇન્ટરનેટ બંને સેવાને મોટી અસર થઇ હતી.

### રાજસ્થાન ભાજપ-કોંગ્રેસ વચ્ચે રાજકીય લડાઈનું કેન્દ્ર

## ભારતીય જનતા પાર્ટી ૨૦ મેથી જયપુરમાં રાષ્ટ્રીય પદાધિકારીઓની બે દિવસીય બેઠક યોજશે

,ઉદયપુર,તા.૭

રાજસ્થાન ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય લડાઈનું કેન્દ્ર બની રહ્યું છે. કોંગ્રેસ ૧૫ મેથી ઉદયપુરમાં ત્રણ દિવસીય ચિંતન શિવર (મંથન સત્ર)નું આયોજન કરવાની યોજના ધરાવે છે. તે જ સમયે, ભારતીય જનતા પાર્ટી ૨૦ મેથી જયપુરમાં રાષ્ટ્રીય પદાધિકારીઓની બે દિવસીય બેઠક યોજશે. રાજસ્થાન ભાજપ એકમને બેઠક માટે જયપુરમાં જગ્યા નક્કી કરવા માટે કહેવામાં આવ્યું છે.તાજેતરના વર્ષોમાં આ પહેલીવાર છે જયારે ભાજપ વિપક્ષ શાસિત રાજ્યમાં આટલી મહત્વપૂર્ણ બેઠક યોજવા જઈ રહ્યું છે. આગામી બે વર્ષમાં જે છ રાજયોમાં ચૂંટણી યોજાવાની છે તેમાંથી બે રાજ્યો રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસનું શાસન છે. જેના કારણે રાજસ્થાનમાં ભાજપની બેઠક મહત્વની છે.

રાજ્યમાં ભાજપ રાજ્યના વિવિધ ભાગોમાં સાંપ્રદાયિક તણાવ અને શાસનની નિષ્ફળતાને લઈને અશોક ગેહલોતની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકાર પર સતત પ્રહારો કરી રહી છે. પાર્ટી તેની જીતનો દોર જાળવી રાખવા માંગે છે જે ગુજરાત, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ જેવા અન્ય નજીકના રાજયોની ચૂંટણીઓને પ્રભાવિત કરી શકે છે. આ પાર્ટી પદાધિકારીઓની બેઠક હોવાથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી દિલ્હીથી તેને સંબોધિત કરશે. ચૂંટણીમાં જઈ રહેલા પક્ષના રાજયોના પ્રભારીઓને પ્રોગ્રેસ રિપોર્ટ સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું છે અને આગળની કાર્યવાહી માટે વિગતવાર યોજનાની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

તાજેતરના અઠવાડિયામાં ભાજપના વરિષ્ઠ નેતાઓ નિયમિતપણે રાજસ્થાનની મુલાકાતે છે. બેઠક પહેલા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ૧૦ મેથી બે દિવસ માટે રાજ્યની મુલાકાત લેશે. દરમિયાન, ભાજપના મહાસચિવ અને રાજસ્થાનના પ્રભારી અરુણ સિંહ એક સપ્તાહ સુધી રાજ્યની મુલાકાત લેશે અને પાર્ટીની ચૂંટણી તૈયારી અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરશે.

## ઉત્તરી ક્ષેત્રમાં ચીનની હાજરીથી વાકેફ છીએ : રાજનાથ સિંહ

નવીદિલ્હી,તા.૭



રક્ષા મંત્રી રાજનાથ સિંહે શનિવારે કહ્યું કે, અમે ઉત્તરીય ક્ષેત્રમાં ચીનની હાજરીથી વાકેફ છીએ. તેઓ ચતુર બાંધકામ તકનીકોને કારણે પહાડી વિસ્તારોમાં ઝડપથી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે ર્મ્ઈજ એ સમાંતર કામ કરવું જોઈએ અને તેમની ક્ષમતાઓને વધારવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. સરકાર આ દિશામાં ર્મ્ઈને મદદ કરી રહી છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથે કહ્યું કે, ભારતની સરહદોની રક્ષા કરનારાઓને મહત્તમ સુવિધાઓ પૂરી પાડવી એ સરકારની ટોચની પ્રાથમિકતા છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા, તેમણે કહ્યું કે સરહદી વિસ્તારોના વિકાસની ખાતરી કરવી એ સરકારની વ્યાપક સંરક્ષણ વ્યૂહરચનાનો મુખ્ય ભાગ છે. સિંહે કહ્યું, "અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા એવા લોકોને મહત્તમ સુવિધાઓ પૂરી પાડવાની છે કે જેઓ અમારી સુરક્ષા માટે રાત-દિવસ કામ કરી રહ્યા છે, જેઓ આ દેશની સરહદના રક્ષક છે." તેમણે રાજ્યમાં માળખાકીય સુવિધાઓને સુધારવા માટે ર્મ્ઈની પણ પ્રશંસા કરી. પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસનું ઉદાહરણ આપતા સિંહે કહ્યું કે તે હવે દેશના સર્વાંગી વિકાસ માટે "નવું પ્રવેશદ્વાર" બની ગયું છે.

તેમણે કહ્યું કે માનવ સભ્યતાની યાત્રામાં રસ્તાઓનું ખૂબ મહત્વ રહ્યું છે. સંરક્ષણ પ્રધાને કહ્યું, "રસ્તા અને પુલો શિક્ષણ, આરોગ્ય, વેપાર, ખાદ્ય પુરવઠા, સેનાની વ્યૂહાત્મક જરૂરિયાતો, ઉદ્યોગો અને સામાજિક-આર્થિક પ્રગતિ સાથે સંબંધિત અન્ય કાર્યોને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે."

## મોંઘવારીનો વધુ એક ફટકોઃ ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો

નવીદિલ્હી,તા.૭

આજે (શનિવારે) સામાન્ય જનતાને મોંઘવારીનો વધુ એક આંચકો લાગ્યો છે. ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. ઘરેલુ એલપીજી સિલિન્ડરની વધેલી કિંમત આજથી દેશભરમાં લાગુ કરવામાં આવી છે. જણાવી દઈએ કે આ પહેલા ૨૨ માર્ચે ઘરેલુ એલપીજીની કિંમતમાં ૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો વધારો કરવામાં આવ્યો હતો, ત્યારબાદ દિલ્હીમાં સબસિડીવાળા ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૯૪૯.૫૦ રૂપિયા પર પહોંચી ગઈ હતી. આજે કિંમતમાં વધારો કર્યા પછી, દિલ્હીમાં ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમત હવે ૯૯૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

પેટ્રોલિયમ ઉદ્યોગના પ્રારંભિક ડેટા અનુસાર, એપ્રિલમાં એલપીજીનો વપરાશ માસિક ધોરણે ૯.૧ ટકા ઘટીને ૨.૨ મિલિયન ટન થયો છે, જે એપ્રિલ ૨૦૨૧ની સરખામણીમાં ૫.૧ ટકાનો વધારો છે. માર્ચ પહેલા, ગયા વર્ષે ૬ ઓક્ટોબરે ઘરેલુ એલપીજીની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે ૧ મેના રોજ સરકારી તેલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ વધારો કર્યો હતો. કોમર્શિયલ એલપીજી સિલિન્ડર ૧૦૨.૫૦ રૂપિયા મોંઘું થયું છે. નવી કિંમત લાગુ થયા બાદ દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧ મેથી ૨૨૫૩ રૂપિયાથી વધીને ૨૩૫૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

## અગરબત્તી સળગાવી, ગેસ સિલિન્ડરને હાર પહેરાવી કોંગ્રેસે મોદી સરકારને ઘેરી



નવીદિલ્હી,તા.૭

દેશની જનતા પર ફરી એકવાર મોંઘવારીનો માર વાગ્યો છે. ઘરેલું એલપીજી સિલિન્ડરની કિંમતનમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. ૧૪.૨ કિલોના ઘરેલું એલપીજી સિલિન્ડરની કિંમતમાં આજથી ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ઘરેલું એલપીજી સિલિન્ડરની નવી કિંમત ૯૯૯.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર થશે. આ મામલે કોંગ્રેસ પ્રવક્તે પવન ખેડાએ આજે પ્રેસ કોન્ફરન્સની કરીને સિલિન્ડરની વધતી કિંમતો પર પીએમ મોદી સહિત કેન્દ્ર પર આકરા પ્રહારો કર્યા હતા.

પ્રેસ કોન્ફરન્સ શરૂ કરતા પહેલા પવન ખેડાએ પોતાની આસપાસ સિલિન્ડર રાખ્યા હતા અને સિલિન્ડર પર હાર પહેરાવ્યો હતો. પવન ખેડાએ જણાવ્યું કે, ૩ દેશ ૨૦ ડ્રેસ અને ૬૦ ફેટોશૂટના ૬૫ કલાક પછી દેશના પ્રધાનમંત્રીએ તરત જ ઘરેલું સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે.

પવન ખેડાએ ઉમેર્યું કે, જનતાને અભિનંદન કે, કિંમત હજી ૧ હજાર નથી ૯૯૯.૫૦ રૂપિયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રેસ કોન્ફરન્સમાં અગરબત્તી અને લીંબુની જરૂરત હતી. લીંબુના ભાવ એટલા વધી ગયા છે કે બટાકા અને દૂધી પર અગરબત્તી મૂકી છે.

પવન ખેડાએ જણાવ્યું કે, મોદી સાહેબે પેટ્રોલ પંપ પર વિશાળ હોર્ડિંગ્સ લગાવીને જનતાને સબસિડી સરન્ડર કરવાનું કહ્યું હતું, પરંતુ હવે સ્થિતિ એવી ઊભી થઈ છે કે જનતાએ સિલિન્ડર સરેન્ડર કરી દે. પવન ખેડાએ કોંગ્રેસ સરકાર દરમિયાન ભાવોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, કોંગ્રેસ સરકારે ગરીબ, મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને સબસિડી આપી હતી.

## તંત્રી સ્થાનેથી...

# સુરક્ષાને પડકાર

*હરિયાણાના કરનાલમાં ચાર શંકાસ્પદ ખાલિસ્તાની આતંકીઓની હથિયારો અને વિસ્ફોટકો સહિત ધરપકડ એ જ દર્શાવી રહી છે કે એવાં તત્ત્વોની સક્રિયતા ઓછી થવાનું નામ નથી લેતી. ધરપકડ કરાયેલા આતંકીઓ વિશે એ માનવામાં આવે છે કે તેઓ કોઈ મોટા હુમલાની વેતરણમાં હતા. તેમનો સંબંધ ન માત્ર પાકિસ્તાનમાં શરણ પામેલા એક ખાલિસ્તાની આતંકી સાથે હોવાનું કહેવાય છે, બલ્કે એ પણ રેખાંકિત કરવામાં આવે છે કે તેમની પાસેથી જે હથિયારો મળ્યા, તે ડ્રોન દ્વારા સીમા પારથી આવેલા હતા. તેનો મતલબ છે પાકિસ્તાન જમ્મુ-કાશ્મીર સાથે પંજાબમાં પણ આતંક અને અશાંતિ ફેલાવવાની કોશિશ કરી રહ્યું છે. વાસ્તવમાં એનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે સત્તા પરિવર્તન છતાં પાકિસ્તાનની ભારત પ્રત્યે કુટિલતાભરી નીતિમાં કોઈ બદલાવ આવવાનો નથી. તેની અવગણના ન કરી શકાય કે ગત દિવસે જમ્મુના સાંબા ક્ષેત્રમાં એક સુરંગ પણ મળી આવી. પાકિસ્તાન સાથે જોડાયેલા સીમાંત વિસ્તારોમાં આ પ્રકારની સુરંગો પહેલાં પણ મળી ચૂકી છે. અંદેશો છે કે સાંબામાં મળેલ સુરંગનો ઉપયોગ સીમા પારથી હથિયાર અને માદક પદાર્થો મોકલવા માટે કરાઈ રહ્યો હશે. બધા જાણે છે કે એક અરસાથી પંજાબ અને જમ્મુ-કાશ્મીરમાં આ કામ ડ્રોન દ્વારા પણ કરાઈ રહ્યું છે. એ જ રીતે સીમા પારથી આતંકીઓની ઘૂસણખોરીનો ખતરો પણ ઊભો જ છે.*

*એ ઠીક છે કે હાલના સમયમાં સીમા પર ચોકસાઈ વધારવામાં આવી છે પરંતુ ડ્રોન દ્વારા જે રીતે હથિયારો અને માદક પદાર્થોની ખેપ આવવાનો સિલસિલો ચાલુ જ છે, તે કોઈ શુભ સંકેત નથી. આ સિલસિલાને તોડવો જ પડશે, ભલે તેના માટે પાકિસ્તાન પ્રત્યે નવેસરથી આક્રમકતા દેખાડવી પડે. તેમાં શંકા છે કે પાકિસ્તાન પર દબાણ બનાવે અને તેને તેના કરતૂતોની સજા આપ્યા વગર, તે પોતાની હરકતો છોડવાનું નથી. ફક્ત પાકિસ્તાનથી અંતર રાખવું પર્યાપ્ત નથી. તેનાથી વધુ સતર્ક પણ રહેવું જોઇએ. તેને એ સંદેશ વારંવાર આપવો જોઇએ કે તે આતંકનું સહયોગી અને સમર્થક છે અને એના પર ભરોસો ન કરી શકાય. પાકિસ્તાનની હરકતો અને જમ્મુ-કાશ્મીરની સાથએ પંજાબમાં દેશવિરોધી તત્ત્વોની સક્રિયતા જોતાં આંતરિક સુરક્ષા તંત્રને વધુ સતર્ક કરવાની પણ જરૂર છે. એની સાથે જ ગુપ્તચર એજન્સીઓમાં વધુ તાલમેલ વધારવાની પણ જરૂર છે. એક એવા સમયે જ્યારે આંતરિક સુરક્ષા સમક્ષ ખતરો વધતો જાય છે, ત્યારે તેને લઈને એવી સંકીર્ણ રાજનીતિ બિલકુલ પણ ન થવી જોઇએ, જેવી પંજાબમાં સીમા સુરક્ષા દળના અધિકારોનો દાયરો વધારવા મુદ્દે કરવામાં આવી હતી. એવી જ ક્ષુદ્ર રાજનીતિ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ કરી રહ્યાં છે અને તેમણે બંગાળ પોલીસને સૂચના આપી છે કે તેઓ બીએસએફના અધિકારીઓને બંગાળની હદમાં ન ઘૂસવા દે. આવું ક્ષુદ્ર રાજકારણ એકંદરે દેશની આંતરિક સુરક્ષાને જ ખતરામાં મૂકે છે તે દરેક નેતાઓએ સમજી લેવું જોઇએ.*

## બનાસકાંઠામાં દૂધ, દવા અને તેલમાં ભેળસેળ કરનારાઓને ૨૪.૮૫ લાખનો દંડ

પાલનપુર,તા.૭

બનાસકાંઠામાં આરોગ્ય વિભાગે આંખો ખોલી છે. છેલ્લા ઘણા સમયથી મળતી ફરિયાદો બાદ તંત્રએ એક્શન મોડમાં આવતા શહેરના ૧૪ મિલાવટ ખોરોને ભેળસેળ કરવા માટે ૨૪.૮૫ લાખનો દંડ ફટકાર્યો છે. બનાસકાંઠામાં કેટલીક કંપનીઓ રોજીંદી ચીજવસ્તુઓમાં ભેળસેળ કરીને લોકોને છેતરી રહ્યા હતા. આવા ૧૪ મિલાવટ ખોરોને દંડ ફટકારાયો છે.

બનાસકાંઠામાં આરોગ્ય વિભાગે શ્રીમુલ ડેરીને ૫ લાખનો કર્યો દંડ ફટકારાયો છે. યુરેકા હેલ્થકેરને ૫૦ હજારનો કર્યો દંડ અને ઝીંક ટેબ્લેટને ૬૫ હજારનો કર્યો દંડ કરાયો છે. આ લોકો સામાન્ય માણસ માટે દૂધ, દવા અને તેલ ઉપલબ્ધ કરાવે છે. છતાય લોકોની તંદુરસ્તીનું વિચાર્યા વિના પોતાના ખિસ્સા ભરવામાં જ ફોકસ કર્યું હતું. તેલના સેમ્પલ ફેલ જતા ૮ સામે ફરિયાદ પણ કરવામાં આવી છે.

આ અગાઉ મહેસાણાના ઊંઝામાં નકલી જીરૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી. ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ ઊંઝાના ગંગાપુર રોડ ખાતે આવેલી ક્લીનીંગ ફેક્ટરીમાં દરોડા પાડ્યા હતા. ફેક્ટરીમાં વરિયાળીનું ભુસુ, ક્રીમ કલરનો પાઉડર અને ગોળની રસીને મિક્સ કરી નકલી જીરૂ તૈયાર કરાતુ હતુ. દરોડામાં ફેક્ટરીના સંચાલક બીનેશની અટકાયત કરવામાં આવી હતી.દરોડા દરમિયાન ૩૨૦૦ કિલો જીરૂ જપ્ત કરી તેની ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતી.

## નરેન્દ્ર મોદી મે મહિનાની મધ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવશે

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ત્યારે હવે ફરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસ નક્કી થયો છે. એપ્રિલ મહિનામાં ગુજરાતમાં મહાસભાઓ ગજવ્યા બાદ હવે મે મહિનામાં ગુજરાતની મુલાકાતે આવવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મે મહિનાની મધ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવશે. જેમાં દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાના સંમેલનને પીએમ મોદી સંબોધન કરશે. અહીં ૪ લાખથી વધુ લોકોના સંમેલનનું આયોજન થઈ રહ્યું છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે પીએમ મોદી ૧૫ મે બાદ ગુજરાતમાં સભાઓ ગજવશે. પીએમ મોદી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવશે, ત્યારે તેમના આગમનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પીએમ મોદીના ગુજરાત પ્રવાસનું આયોજન થઈ રહ્યું છે, જેમાં દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાના સંમેલનને પીએમ મોદી સંબોધન કરશે. આ સંમેલનમાં ૪ લાખથી વધુ લોકો ભેગા થશે. એટલું જ નહીં, રાજકોટમાં પણ પીએમ મોદી હોસ્પિટલના કાર્યક્રમમાં હાજરી આપશે. જેમાં ૨ લાખથી વધુ પાટીદારો આ કાર્યક્રમમાં જોડાશે.

નોંધનીય છે કે, પીએમઓ કાર્યાલય તરફથી પીએમ મોદીના ગુજરાત પ્રવાસની તારીખનું કનફર્મેશન હજુ બાકી છે. પરંતુ જાણવા મળી રહ્યું છે કે ચૂંટણી સુધી દર મહિને પીએમ મોદી ગુજરાત આવશે.

### ક્રૂડ તેલનો વાયદો સપ્તાહ દરમિયાન રૂ.૨૨૮ના ઉછાળા સાથે ઉંચામાં રૂ.૮,૪૯૪ના સ્તરને સ્પર્શી

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૬૩ અને ચાંદીમાં રૂ.૧,૧૩૨ની નરમાઈ: કોટન, રબરના વાયદામાં વૃદ્ધિ: મેન્થા તેલ ઢીલુ: બુલડેક્સ વાયદામાં ૪૯૭ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૯ એપ્રિલથી ૫ મેના સપ્તાહ દરમિયાન ૨,૩૧૦,૪૧૧ સોદાઓમાં કુલ રૂ.૨૦૩,૬૧૬.૮૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના મે વાયદામાં ૪૯૭ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૫૪,૩૦૭ સોદાઓમાં કુલ રૂ.૫૦,૦૨૧.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૧,૪૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૧,૮૭૯ અને નીચામાં રૂ.૫૦,૪૮૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૬૩ ઘટી રૂ.૫૦,૮૯૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૬૪ ઘટી રૂ.૪૦,૮૯૪ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૧ ઘટી રૂ.૫,૦૯૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૩૬ ઘટી રૂ.૫૧,૧૫૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૪,૧૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૪,૭૧૦ અને નીચામાં રૂ.૬૧,૫૭૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ. ૧૧૩૨ ઘટી રૂ.૬૨,૭૮૫ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ. ૨૧૮૨ ઘટી રૂ.૬૨,૬૮૪ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨,૧૮૧ ઘટી રૂ.૬૨,૭૦૩ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૬,૩૦૧ સોદાઓમાં રૂ.૧૩,૫૫૫.૧૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૯.૫૫ ઘટી રૂ.૨૪૩.૯૫ અને જસત મે વાયદો રૂ.૨૧.૯૫ ઘટી રૂ.૩૩૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ મે કોન્ટ્રેક્ટ રૂ.૨૫.૦૫ ઘટી રૂ.૭૬૨.૧૫ અને નિકલ મે કોન્ટ્રેક્ટ રૂ.૨૧૩.૬ ઘટી રૂ.૨,૩૩૬.૪૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૬,૦૦,૪૬૮ સોદાઓમાં કુલ રૂ.૫૭,૨૯૭.૬૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૮,૦૭૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૮,૪૯૪ અને નીચામાં રૂ.૭,૬૮૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૨૨૮ વધી રૂ.૮,૨૬૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨૯.૬૦ વધી રૂ.૬૬૬ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬,૨૦૫ સોદાઓમાં રૂ.૮૨૫.૧૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન મે વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૫,૮૧૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૭,૦૬૦ અને નીચામાં રૂ.૪૫,૩૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૧૭૦ વધી રૂ.૪૬,૫૪૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર મે કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૯૫૮ના ભાવે ખૂલી, રૂ.૯૩ વધી રૂ.૧૭૨૬૭ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯.૮૦ ઘટી રૂ.૧૦૭૬.૫૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૫૩,૬૩૫ સોદાઓમાં રૂ.૨૪,૪૯૬.૫૧ કરોડનાં ૪૭,૯૪૯.૫૩૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૭૦૦,૬૭૨ સોદાઓમાં કુલ રૂ.૨૫,૫૨૫.૧૦ કરોડનાં ૪,૦૧૫.૪૦૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૩૩,૬૮૩ સોદાઓમાં રૂ.૨૧,૮૪૯.૧૮ કરોડનાં ૨૭,૦૬૧,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૩૬૬,૭૮૫ સોદાઓમાં રૂ.૩૫,૪૪૮ કરોડનાં ૫ ૮ ૯ ૮ ૪ ૭ ૫ ૦ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૫,૪૯૪ સોદાઓમાં રૂ.૭૯૨.૩૫ કરોડનાં ૧૭૨૨૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૭૦૩ સોદાઓમાં રૂ.૩૨.૬૭ કરોડનાં ૩૦૩.૧૨ ટન, રબરના વાયદાઓમાં ૮ સોદાઓમાં રૂ.૦.૧૪ કરોડનાં ૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૯૮૬.૨૨૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૩૦.૯૯૭ ટન, ક્રૂડ તેલમાં ૭૫૨૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૨૦૧૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૦૦૭૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૭૧.૯૬ ટન, રબરમાં ૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૭૩૭૨ સોદાઓમાં રૂ.૫૯૩.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭,૩૬૯ સોદાઓમાં રૂ.૫૯૩.૬૪ કરોડનાં ૮,૧૦૭ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૨ સોદાઓમાં રૂ.૦.૨૧ કરોડનાં ૨ લોટ્સ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૧ સોદાઓમાં રૂ.૦.૧૧ કરોડનાં ૧ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૧,૧૪૨ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૩ લોટ્સ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૧ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૪,૭૯૩ના સ્તરે ખૂલી, ૪૯૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૦૮ પોઈન્ટ ઘટી ૧૪,૫૩૬ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૭૬૫૭૫૮ સોદાઓમાં રૂ.૮૧,૩૨૩.૨૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૭૨૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૦૯.૧૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦,૭૫૩.૭૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨,૩૩૭.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

### ૮ મી મે વિશ્વ થેલેસેમિયા દિન. થેલેસેમિયા - સમગ્ર સમાજ માટે પડ કાર

# દિવ્યાંગ ધારો ૨૦૧૬ અમલ સહિત ની થેલેસેમિક બાળકોને પડતી મુશ્કેલી ઓનું રાજ્ય સરકાર નિરાકરણ લાવે

રાજકોટ, જામનગર, ભાવનગર કે જૂનાગઢ સહિતાના શહેરની સરકારી હોસ્પીટલનાં થેલેસેમીયા વોર્ડમાં સવારથી સાંજ સુધીમાં ગમે ત્યારે જવાનું થાય તો તમને બે મહિનાના બાળકથી લઈને ૨૦ વર્ષ સુધીનાં યુવાનના શરીરમાં કીટ વડે લોહી સરકતું દેખાય. આ દશ્ય હૃદયને હચમચાવી દે તેવું હોય છે. કુમળા છોડ જેવા નિર્દોષ બાળકોએ એવો તે ક્યો ગુનો કર્યો હશે કે આવી સજા વેઠવી પડે ? આ બાળકો લોહીના વારસાગત રોગ થેલેસેમિયાનો ભોગ બનેલા છે અને ભારત સહિત દુનિયાના દરેક દેશોમાં થેલેસેમિયા રોગે સમગ્ર માનવ સમાજ માટે ગંભીર પડકાર કરેલ છે.

થેલેસેમીયા એ લોહીનો વારસાગત રોગ છે. થેલેસેમીયાના મુખ્ય પ્રકાર છે. (૧) થેલેસેમીયા માઈનોર (૨) થેલેસેમીયા મેજર. ભારતમાં દર ૫૦ વ્યક્તિએ એક થેલેસેમીયા માઈનોર છે. પતિ અને પત્ની બંનેને ×થેલેસેમીયા માઈનોર'' હોય ત્યારે જ તેમના બાળકો 'થેલેસેમીયા મેજર' જન્મે છે, અન્યથા નહીં સ્ત્રી અને પુરુષ બેમાંથી એક થેલેસેમીયા માઈનોર હોય અને બીજું નોર્મલ હોય ત્યારે તેમના બાળકો થેલેસેમીયા મેજર જન્મવાની કોઈ જ શક્યતા નથી. સુપરસ્ટાર અમિતાભ બચ્ચનને થેલેસેમીયા માઈનોર છે. પણ શ્રીમતી જયા બચ્ચન નોર્મલ હોય તેમના બાળક અભિષેક કે શ્વેતા બેમાંથી કોઈ થેલેસેમીયા મેજર જન્મેલ નથી. થેલેસેમીયા માઈનોર સંપૂર્ણ તંદુરસ્ત વ્યક્તિ હોય છે અને સંપૂર્ણ પણે નિરોગી જીવન જીવી શકે છે.

થેલેસેમીયા કોઈ પ્રકારનો ચેપી રોગ નથી કે થેલેસેમીયા માઈનોર કોઈ દિવસ થેલેસેમીયા મેજરમાં ફેરવાતો નથી. આમ તેનાથી ગભરાવવાની, શરમાવવાની કે છૂપાવવાની કોઈ જરૂર નથી પણ લગ્ન પહેલા ગ્રહો જોવડાવવાની સાથે તમામ યુવક યુવતીઓએ અવશ્ય થેલેસેમીયા ટેસ્ટ કરાવવો જ જોઈએ. જેથી ભવિષ્યમાં પોતાના સંતાનો થેલેસેમીયા મેજરવાળા જન્મે નહિં અને જીવતર ઝેર બનતાં અટકે.

વિશ્વના ૬૦ દેશોમાં આ ભયાનક આનુવંશીક રોગ જોવા મળે છે. ભારતમાં અને આપણા ગુજરાતમાં થેલેસેમીયાના ઘણા દર્દીઓ છે અને હજી પણ માતાપિતાની બેદરકારી, અજ્ઞાનતા અને જાગૃતિના અભાવને લીધે નવા થેલેસેમીક બાળકો જન્મતા રહે છે. થેલેસેમીયા રોગ તમામ ધર્મ અને જ્ઞાતિમાં જોવા મળે છે. પરંતુ આપણે ત્યાં લોહાણા, સીધી, ખોજા, ભાનુશાળી, વણકર, મુસ્લિમ વગેરે જ્ઞાતિમાં વિશેષ જોવા મળે છે. સૌથી વધુ પ્રમાણ લોહાણા જ્ઞાતિમાં છે, થેલેસેમીયા મેજર બાળક જન્મે ત્યારે એકદમ સ્વસ્થ અને નોર્મલ બાળક જેવું હોય છે. પણ એકાદ—બે માસ પછી માતા ગર્ભમાંથી જે લોહી મળ્યું હોય તે લોહીનો પુરવઠો ખલાસ થઈ જતાં બાળક વીક અને સાવ નબળું પડવા લાગે છે, ચીડીયા સ્વભાવનું બની જાય છે, ખોરાક ઘટી જાય છે અને વિકાસ અટકી જાય છે. થેલેસેમિયાનો ભોગ બનેલ બાળકને મહિનામાં બે વાર નિયમિત લોહી ચડાવવાનું પડે છે, અઠવાડિયાના પાંચ દિવસ અતિ ખર્ચાળ અને મોંઘા ડેસ્ફરલ ઈંજેકશન લેવા પડે છે અને એક મહિનાનો આશરે ચારેક હજાર ખર્ચ આવે છે અને આ બધું કરવા છતાં બાળકનું આયુષ્ય મર્યાદિત જ હોય છે.

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર – કચ્છમાં થેલેસેમીયાના અંદાજે ૩ હજાર જેટલા બાળકો છે. થેલેસેમિયા રોગની સારવાર અતિ ખર્ચાળ છે સમગ્ર પરિવાર આર્થિક, માનસિક અને સામાજીક રીતે ભાંગી જાય છે. માતા-પિતાની હાલત દયનીય હોય છે. પોતાને જાણ હોય છે કે પોતાનું બાળક લાંબુ જીવવાનો નથી છતાં મન મજબૂત રાખીને પોતાના લાડલા કે લાડલીની સેવા—સારવાર કરે છે. કુદરતે જેમને અન્યાય કર્યો છે તેવા પોતાના ગામ કે શહેરમાં રહેતા ગરીબ અને જરૂરતમંદ બાળકોને દતક લેવા માટે માનવતા જેના લોહીમાં વહે છે તેવા સમાજના સુખી નાગરીકો તેમજ સેવાકીય સંસ્થાઓએ આગળ આવવું જોઈએ.

કેન્સર અને એઈડસ જેવા જ ભયંકર રોગ થેલેસેમીયાના રોગને અટકાવવા કે નાબૂદ કરવાની કોઈ દવા નથી. પરંતુ લગ્ન પહેલા દરેક યુવાન ભાઈઓ તેમજ બહેનોએ થેલેસેમીયા ટેસ્ટ અવશ્ય કરાવે તો તેનું નિવારણ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પોતાના છાત્રો માટે કોલેજમાં એડમીશન વેળાએ થેલેસેમીયા ટેસ્ટ ફરજીયાત કરેલ છે તે જ રીતે ઈટાલીમાં તો લગ્ન કરતા પહેલાં પાદરીને અમને થેલેસેમીયા નથી અથવા છે એવું પ્રમાણપત્ર બતાવવું પડે છે.

દર વર્ષે સમગ્ર દેશમાં અને દુનિયામાં ૮ મી મે ''થેલેસેમીયા ડે'' તરીકે ઉજવાય છે પરંતુ માતાપિતાની અજ્ઞાનતા અને જાગૃતિના અભાવને લીધે દર વર્ષે ભારતમાં થેલેસેમીયાના ૭ હજારથી વધુ અને વિશ્વમાં એક લાખથી વધારે નવા બાળકો જન્મે છે જે શરમજનક છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ તમામ કોલેજના છાત્રો માટે કોલેજમાં એડમીશન મેળવતા પહેલા થેલેસેમીયા ટેસ્ટ ફરજીયાત કરેલ છે તે જ રીતે રાજયની તમામ યુનિવર્સિટીઓએ આ દિશામાં પહેલ કરવી જોઈએ.

રાજકોટમાં લોહાણા સમાજ અને જૈન સમાજે પોતાની જ્ઞાતિના તમામ જરૂરતમંદ બાળકોને દતક લઈ અન્ય જ્ઞાતિઓને રાહ ચીંધ્યો છે ત્યારે અન્ય જ્ઞાતિઓના આગેવાનોએ પણ આગળ આવી પોતાની જ્ઞાતિના થેલેસેમીક બાળકોને સહાયરૂપ થવા અપીલ છે.

કેન્દ્ર કે રાજય સરકાર જે રીતે કુટુંબ કલ્યાણ, વૃક્ષારોપણ, સાક્ષરતા, નાની બચત, પોલીયો નાબુદી વિગેરે અંગે અભિયાન ચલાવે છે તે જ રીતે થલેસેમીયા અવેરનેસ માટે પ્રક્રિયા પ્રયાસો હાથ ધરવા જોઈએ.

થેલેસેમીયા દૈત્યને ડામવા અને વધુ પરિવારોને બરબાદ થતાં અટકાવવા માટે વ્યાપક ઝુંબેશ ચલાવી સૌએ સહીયારો પુરૂષાર્થ કરવાની જરૂર છે. દરેક યુવાન ભાઈઓ—બહેનો પહેલા થેલેસેમીયા ટેસ્ટ પછી જ સગાઈ કે લગ્ન કરીશું એવો દૃઢ સંકલ્પ કરે, દરેક જ્ઞાતિઓ પોતાના જ્ઞાતિજનો માટે ×થેલેસેમીયા પરીક્ષણ કેમ્પ' યોજે, રાજય સરકાર પણ થેલેસેમીયા ટેસ્ટ તમામ માટે ફરજીયાત બનાવે. થેલેસેમીક બાળક અને તેની સાથે જનાર કોઈપણ એકને બ્લડ ટ્રાન્સફ્યુઝનમાં જવા—આવવા મહિનામાં બે દિવસ એસ.ટી. બસમાં ફ્રી બસ પાસ કાઢી આપવામાં પડતી મુશ્કેલી નો એસ. ટી. તંત્ર માનવીય અભિગમ દાખવે, રાજય ની તમમ મહાનગરપાલિકાઓ થેલેસેમિક બાળકોના પરિવાર ની આર્થિક સ્થિતિ ને ધ્યાન માં લઈ વેરા બિલ માં વીશેષ રાહત આપે, દરેક ગામ-નગર-શહેરમાં થેલેસેમીયા જનજાગૃતિ માટે ઝુંબેશ શરૂ કરે તે સમયની માંગ છે.

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ શહેરમાં સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબ પ્રેરિત થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન સમિતિના માનવતા જેના લોહીમાં વહે છે તેવા સેવાના રંગે રંગાયેલા કાર્યકર્તાઓ સૌને સાથે રાખીને રાજકોટ શહેર થેલેસેમીયા મુકત બને તે માટે જનજાગૃતિના અવિરત કાર્યક્રમો યોજે છે જેમાં પત્રિકાઓનું વિતરણ, વાહનો પર સ્ટીકરો લગાડવા, જાહેર સ્થળો તેમજ જ્ઞાતિની વાડીઓમાં થેલેસેમીયાને લગતા બેનરો લગાડવા, શાળા-કોલેજોમાં વાર્તાલાપ—સેમીનાર, વિવિધ જ્ઞાતિઓના આગેવાનોનો સંપર્ક, અઠવાડીયામાં એકવાર શહેરના કોઈ એક મુખ્ય સર્કલ કે ચાર રસ્તામાં જનજાગૃતિ કાર્યક્રમ માનવ સાંકળ શહેરની બજારોમાં પદયાત્રા, વોક ફોર થેલેસેમીયા કાર્યક્રમ, શહેરની મુલાકાતે આવતા સેલીબ્રીટીઓની મુલાકાત લઈને થેલેસેમીયાનો સંદેશ તેઓના માધ્યમથી સમાજ સુધી પહોંચે તેવા પ્રયાસો એ જ રીતે થેલેસેમીયા પીડિત બાળકો અને પરિવારજનો માટે આનંદોત્સવ, રમતગમત, પ્રવાસ પર્યટન, પીકચર, સર્કસ, જાદુના—શો, છાત્ર સત્કાર સમારંભ, ૫૦૦ થી વધુ થેલેસેમીયા પીડિત બાળકોને દાતાઓના સહકારથી સાઈકલ વિતરણ, રકત સરળતાથી મળી રહી તે માટે રકતદાન શિબિરો, નોટબુક વિતરણ સહિતની અનેકવિધ પ્રવૃતિઓ અવિરત યોજવામાં આવે છે.

સમાજમાં હજી આ ગંભીર અને ભયાનક રોગ અંગે જે ગંભીરતા હોવી જોઈએ તે જોવા મળતી નથી ત્યારે સૌ કોઈએ આગળ આવવું પડશે નહીંતર આવનારી ભાવિ પેઢી આપણને માફ નહી કરે. થેલેસેમીયા રોગને સમાજ ફેલાતો અટકાવવા માટે સગાઈ પહેલા થેલેસેમીયા ટેસ્ટ ફરજીયાત કરવામાં આવે, સ્ત્રીરોગ નિષ્ણાંત તબીબોએ પોતાની પાસે આવતા તમામ સગર્ભા બહેનોને થેલેસેમીયા ટેસ્ટ કરાવવા માટે સલાહ આપે, સરકાર દ્વારા દર વર્ષે થેલેસેમીયા જનજાગૃતિ સપ્તાહ યોજવામાં આવે, સમાજના લોકો પર જેમની બહુ મોટી અસર હોય છે તેવા સાધુ-સંતો, શ્રેષ્ઠીઓ, સેલીબ્રીટીઓએ આ અંગે પહેલ કરવી જોઈએ, નેશનલ હેલ્થ મીશન દ્વારા દરેક રાજયને થેલેસેમીયા માટે ભંડોળ આપવામાં આવે છે તેનો પૂરતો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે.

કેન્દ્ર સરકારે વર્ષ – ૨૦૧૬ ની સાલ માં થેલેસેમિયા સહિતના ૨૧ કેટેગરી ના બાળકો નું દિવ્યાંગ ધારા માં સમાવેશ કરેલ છે પરંતુ અતિ દુઃખ સાથે જાણવાનું કે સરકારશ્રી ની વિવિધ યોજનાઓ જેવી કે એસ. ટી. બસ પાસ, રેલવે પાસ, ખેલ મહા કુંભ, પેન્શન, વીમા યોજના, ઈક્રમ ટેકક્ષ માં રાહત, સરકારી સાધન સાહી યોજના, સરકારી નોકરી, સહિત ના લાભો દિવ્યાંગ ધારામાં સમાવેશ કરવાના ૬ વર્ષ આવ્યા છતાં હજી સુધી શામાટે મળતા નથી આ બાબતે રાજ્ય ના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ અંગત રસ લઈ વહેલી ટેક દિવ્યાંગ ધારા ૨૦૧૬ ના તમામ લાભો તમામ ૨૧ કેટેગરી ના બાળકોને મળતા થાય તેમ કરે અને કુદરતે પણ જેની સાથે અન્યાય કરેલ છે તેવા આવા દિવ્યાંગ બાળકો અને પરિવાર જનોના આશીર્વાદ અને અભિનંદન ના અધિકારી બનવા મુખ્યમંત્રીશ્રીને લાગણી સભર અપીલ સહ વિનંતી છે.

રાજકોટના પનોતા પુત્ર અને રાજયના તત્કાલીન સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સતાના સુત્રો સંભાળતાની સાથે જ અંગત રસ લઈને થેલેસેમીયા પીડિત બાળકો માટે અતિ ખર્ચાળ મોંઘી દવાઓ અને ઈંજેકશન ફ્રી આપવાનો તેમજ રાજયની તમામ બ્લડ બેંકમાંથી કોઈપણ જાતના રીપ્લેસમેન્ટ વગર થેલેસેમીક બાળકોને વિનામુલ્યે લોહી આપવાનો માનવતાવાદી નિર્ણય લીધેલ પરંતુ તેનો અમલ કરનારા આરોગ્ય વિભાગ અને સિવિલ હોસ્પીટલના સતાવાળાની નીંભરતા, લાપરવાહી અને બેદરકારીને લીધે કયારેય નિયમિત રીતે દવા કે ઈંજેક્શન કોઈ જગ્યાએ મળતા નથી તે જ રીતે હજી પણ ઘણી બધી રાજકોટ સહિતની રાજયની બ્લડ બેંકો થેલેસેમીક બાળકોને લોહી આપવામાં હેરાન-પરેશાન કરે છે અને રિપ્લેસમેન્ટ માંગે છે. તેથી આ બાબતે લાગતા વળગતા સતાવાળાઓ અંગત રસ લઈ સત્વરે યોગ્ય કાર્યવાહી હાથ ધરે તે જરૂરી છે.

થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન સમિતિની તમામ પ્રવૃતિઓમાં હરહંમેશ જેમનો સાથ સહકાર પ્રેમ મળે છે તેવા શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ મુકેશભાઈ દોશી, ડો. રમેશભાઈ ભાયાણી, ડો. મનોરમાબેન મહેતા, ડી.વી.મહેતા, ડો. દિપકભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ કોટીચા, ડો. દેત્રોજા, સેવાકીય સામાજીક સંસ્થાઓ, વિવિધ જ્ઞાતિના આગેવાનો, નિયમિત અને સ્વૈચ્છિક રક્તદાતાઓ, સાધુ—સંતો તેમજ માનવતા જેના લોહીમાં વહે છે તેવા દાતાઓનો દિલથી આભાર માનીએ છીએ.

સંસ્થાના સેવાને સમર્પિત કાર્યકર્તાઓ અનુપમ દોશી, મિતલ ખેતાણી, ઉપેનભાઈ મોદી, ડો. રવી ધાનાણી, હસુભાઈ રાચ્છ, જીતુલભાઈ કોટેચા, સુરેશભાઈ બાટવીયા,જનાર્દનભાઈ આચાર્ય, નલીન તન્ના, ભાસ્કરભાઈ પારેખ, સુનીલ વોરા, ભનુભાઈ રાજગુરૂ, હસુભાઈ શાહ, દિનેશભાઈ ગોવાણી, મહેશભાઈ જીવરાજાની, ગુણેન્દ્રભાઈ ભાડેશીયા, પ્રદિપભાઈ જાની, હિતેષ ખુશલાણી, ધર્મેશ રાયચુરા, રમેશ શીશાંગીયા, પરિમલભાઈ જોષી, હીરેનભાઈ લાલ, જીતુભાઈ ગાંધી, અશ્વીન ચૌહાણ, ડો. હાર્દિક દોશી, પંકજ રૂપારેલીયા, જયેન્દ્રભાઈ મહેતા, નયન ગંધા, નૈષધભાઈ વોરા, કિશોર તાકોદરા, ઉર્વીશ વ્યાસ, હિતેશભાઈ ખખર, દક્ષિણભાઈ જોશી સહિતના સેવાભાવીઓ તન, મન, ધનથી કાર્યરત છે. કુદરતે પણ જેમની સાથે અન્યાય કરેલ છે અને રકત જેમનો ખોરાક છે તેવા થેલેસેમીયાગ્રસ્ત બાળકોની વહારે ચઢવા અને ભવિષ્યમાં નવા થેલેસેમીયા પીડિત બાળકો ન જન્મે તે માટે થઈને વિશ્વ થેલેસેમીયા દિવસ છે ત્યારે જયાં થોડુ ઘણું કામ થાય છે ત્યાં વેગ આપીએ તેમજ જયાં કાંઈ કામ નથી થતું ત્યાં શરૂઆત કરવાનો સંકલ્પ કરીએ તે સમયની માંગ છે.

અનુપમ દોશી (મો.૯૪૨૮૨ ૩૩૭૯૬),
મિતલ ખેતાણી(મો.૯૮૨૪૨૨૧૯૯૯)

# અમારા સહકારી પ્રવૃત્તિના (નિષ્ફળ) પ્રયોગો

સમાજમાં કેટલાકને મોટા ભા થવાના ધખારાના ફુંવારા ગબારાની જેમ ઉડતા હોય છે. કોઈ એમના માટે બે સારા શબ્દો કહે તે માટે ચાર કે આઠ પૈસા ખરચવાનો વાંધો હોતો નથી અપવાદોને બાદ કરતા બધા એવોર્ડ, સન્માનપત્રો, ટ્રોફીઓ, ચંદ્રકો મેનેજ કરાયેલ હોય છે. ફિલ્મો/ નાટકોના એવોર્ડ અંગે જેમને એવોર્ડ ન મળ્યા હોય તે આ પ્રકારનો પુણ્ય પ્રકોપ ઠાલવતા હોય છે.!!!

આ પ્રકારની વૃતિ કે માનસિકતાને જાણીતા મનોવૈજ્ઞાનિક મેસ્લો અબ્રાહમ જરૂરિયાતોના વર્ગીકરણમાં પાંચમા ક્રમની જરૂરિયાત તરીકે ઓળખાવે છે. માણસની રોટી, કપડાં , મકાનની એટલે કે મૂળભૂત જરૂરિયાત સંતોષાય એટલે સ્વઆવિસ્કાર એટલે કે મને મોટો ભા બનાવોની વૃતિ સાપની જેમ ફૂંફાડા મારવા માંડે છે. ક્યાંક લાંબી ડોક કરીને કોઈ ફૂલોની માળા પહેરાવે, ખિસ્સામાં કાતર રાખી ઉદ્ઘાટનની રીબીન કાપવાના ધખારા થાય છે. સોસાયટીના ચેરમેન થઈ છાપામાં નામ છપાવવાની ધખના છાનીછપની હોતી નથી. ક્યાંક ગાંઠના ખર્ચે રોગ નિદાન કેમ્પનું આયોજન કરી કેમ્પ સફળ બનાવવા જહેમત ઉઠાવનારની યાદીમાં પહેલા નંબરે રહેવા ધક્કામુક્કી કરે છે!!એ જ રીતે ગ્લુકોઝ બિસ્કિટના પાંચ પેકેટનું વિતરણ કરી સવાસો મહાનુભાવ ને પાંચસો કાર્યકરોના નામવાળી યાદી તંત્રીશ્રીઓને મોકલી આપે છે.

આપણી વાત જરા જુદી છે. એમાં સંપ અને સહકારને પ્રમોટ કરવાની સાથોસાથ મૂળભૂત રીતે છવાઈ જવાની કે છાકો પાડવાની છેલછબીલી મનોવૃત્તિ અધ્યાહાર છે.એક સોસાયટીમાં રહેતા, એક પ્રદેશના લોકો , સાથે નોકરી કરતા લોકોનો સમુહ. આ બધાને ઘરવપરાશની વસ્તુઓ જથ્થાબંધ ભાવે લાવી સભ્યોને આપવાથી બે પૈસાની બચત થાય, સારી ગુણવતાવાળી વસ્તુ મળે અને આ બહાને તથાકથિત આગેવાનને સ્વીકૃતિ મળે!!!

આ વાત ગાંધીનગરાઓની છે. ગાંધીનગરની રચના થયા બાદ લાંબા અરસા લગી કર્મચારી નગર તરીકે ઓળખાતું રહ્યું છે. ઉનાળામાં એટલી ધૂળની ડમરી કે આંધી ચડે એટલે આંધીનગર તરીકે પણ ઓળખાતું રહ્યું છે. શરૂઆતના તબકકે સમશાન પણ ન હતું.એટલે લોકો પેથાપુરના સ્મશાને અંતિમવિધિ કરતા હતા!! પછી સેકટર ૩૦ નું સ્મશાન શરૂ થયું. જે ખરેખર સેકટર-૩૦ મા નથી!!!

રજાઓમાં અમદાવાદ જતી બસોમાં બેસી માધુપુર કાલુપુરની બજારમાંથી હોલસેલ દુકાનોમાંથી કરયાણુ લઈ આવી થોડી બચત કર્યાનો સાત્વિક આનંદ લેતા હતા. આમાં કારકુન કે પટાવાળા કે આસીસ્ટંટ ન હતા નાયબ સચિવ ક ઉપ સચિવ પણ હતા. તે સમયે શોપિંગની દુકાનવાળા ઉઘાડી લૂંટ ચલાવે છે એ માન્યતા ઘર કરી ગઈ હતી તે આજે પણ યથાવત્ છે. નિયમિત ઘરાકને ડિસ્કાઉન્ટ આપવાના બદલે મહંતનું કિંમતથી એકાદ રૂપિયો ઓછો લઇ વેપાર ન થાય તેવું તેમનું ડઠર વલણ હોય તો સેકટરે સેકટરે વોલમાર્ટ આવે તેમાં આઘાતજનક શું છે?

સચિવાલયમાં કારકુન / મદદનીશ તરીકે ભરતી થયેલા યંગ તુર્ક હાથવાટકા જેવા. કેટલાક લોકો વીએચપી એટલે કે વિશ્વ હિન્દુ પરિષદ નહી પણ વેરી હરખપદુડા હોય છે. અમારો જયલો આ માયલો.

પચ્ચીસ મિત્રોની સાથે વહટી કરી. ગોંડલની એક તેલ મિલનો માલિક જયલાનો જીગરી. તેને વાત કરી. પેલાએ દોઢસો તેલના ડબ્બા ઉધારીમાં મોકલી દીધા. જેમને તેલ લેવાનું હતું તેની યાદી તૈયાર હતી.એ સમયે મોબાઈલ તો હતા નહી. રિસેસમાં કેન્ટિનમાં લંચ સમયે બધા ભેગા થાય. જયલાએ તેલ આવ્યાની વધામણી આપી. મારા ઘરેથી તેલના ડબ્બા લઈ જજો- જયલો ઉવાચ. એ સમયે ભાગ્યે જ કોઈ કર્મચારી પાસે લેમ્બ્રેટા હોય. સ્કૂટર એટલે લેમ્બ્રેટા આ છાપ રૂઢ થયેલી. બધા પાસે સારી કે ખખડધજ સાઈકલ હોય. સરવાળે છકડો ભાડે કરીને હોમ ડિલિવરીનો નિર્ણય કરાયો. એક સેકટરમાં રહેતા મિત્રો, બાજુના સેકટરમાં રહેતા હોય એવા મિત્રોની યાદીના આધારે તેલના ડબ્બાનું વિતરણ કાર્ય ચાલું કર્યું. જયલાની મદદમાં હું રહ્યો.આ મિત્રોની અપેક્ષા કેવી હોય તેની ખબર પડવા લાગી. પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું. મુકેશભાઈ નામના સજ્જન મિત્ર અમને મજૂર સમજતા હોય તેમ પહેલાં માળના સ્ટોરમાં ડબ્બા મુકવા હુકમતુલ્ય વિનંતી કરી. જાણે આમાંથી અમારે કમિશન ખાવાનું ન હોય. માનો કે ઓઈલ કૂપન જેવું સ્કેમ. બીજા ભાઈબંધે પગાર થયાને બે દિવસ થયા છતાં પૈસા આગલા પગારે આપવાનો વાયદો કર્યો. ત્રીજાએ ડબ્બાની કિંમત રાઉન્ડમાં કરીને પચાસ રૂપિયાનો ચુનો લગાવ્યો. તેલના ડબ્બાની કિંમતમાં છકડા ભાડાના રૂપિયા થોડા ઉમેરવાના હોય ? આની કયાં કોઈ વાત થઈ છે એ તો જયલા અને તારે ભોગવવાના - ચોથા મિત્રનો તર્ક. પંચમીને ત્યાં તેલના ડબ્બા આપીને ચા- પાણી કરતા હતા ત્યાં ઊપલા નામનો મિત્ર આવીને કહે એક ડબ્બો તીણો છે. ડબ્બો બદલી આપો.આ કંઈ દુકાન હોય કે વધારાના ડબ્બા હોય?

અમે જેના ઘરે હતા ,તેણે મામલો હાથમાં લઈ લીધો.

"ઉપલા તારે ઘરે કપડા ધોવાનો સાબુ છે?" સુધલાએ પૂછ્યું.

" હા હા"ઉપલાએ ટૂંકાણમાં જવાબ આપ્યો.

ઉપલો સવાલના ઈન સ્વીંગથી ગુંચવાયો. "પણ તેનું શું છે?" એની અકળામણ પ્રશ્ન દ્વારા વ્યક્ત કરી.

સુધલોએ વધુ આઉટ સ્વીંગ ફેંક્યો," ડોબા તેલનો ડબ્બો ઊંધો કરી સાબુની ગોટી કાણા પર રેણની જેમ લગાવી દે. તેલનો કોઈ ડબ્બો ખાલી હોય તો તેમાં તેલ ઠાલવી દે. આ લોકો કંઈ વેપારી છે. આમાંથી કંઈ નફો કરવાના છે? આ બે જણા ગાંઠના ગોદડે ગોપીચંદન ઘસ છે. મદદ કરવાના બદલે છુંછા જેવી વાત કરે છે"

તેલનો પ્રોજેકટ તો માંડ માંડ પૂરો થયો. અમે ખિસ્સા પાંચસો રૂપિયા જોડયા. ત્યારેથી પાણી મૂક્યું કે સહકારી ધોરણે તેલ કે કોઈ વસ્તુ લાવી ઉલેમાથી ચુલમાં પડવું નહી.

---

કેરીઓ
આંબે કેરીઓ પાકી છે,
કોયલની ચાંચ પાકી છે.
કેરીઓ મન લલચાવે છે,
હજુ મો ધોવાનું બાકી છે.
ગયા વરસે આવું જ હતું.
આ વરસ તેની ઝાંકી છે.
અતીતની બોટલમાં ભરી,
ભાવિ રાહ જોતી સાકી છે.
કોયલ આંબે બેસી રડે છે,
ચાંચ કેમ કરતા પાકી છે?
ભરત વૈષ્ણવ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS No.0081**
**પ્રકાર:પદ્ય**
**વિષય : ધૂપ છાંવ**
**શીર્ષક : જીવન એક ભેટ**

ધૂપનું પ્રતીક એ જ સૂરજ,
છાંવ એટલે યાદ આવે જ વૃક્ષ.
જે તપે એ જ જાણે દામ છાંયડાના,
નરી શીતળતા નવ રૂચે તાપ? જો હોય ના .
માનવ શીખે પાઠ ભાસ્કર પાસે,
ઊગવું,ટોચે પહોંચ્યા બાદ આથમવું.
સાફલ્ય ગાથા કદી નવ હોય સુષ્ઠુ સુષ્ઠુ,
કસોટીએ ચઢ્યાં વિના ક્યાં લેવાય છે સોનું.
ધૂપમાં તપે તવ આમ્રફળ રસ પામે,
અમૃતફળ અમથું કંઈ પદ પામે?
આયખું ભર્યું અવનવી વાતો,પ્રસંગોથી,
અઘઘ કસોટી , કોઈ બનાવ દઝાડે ધૂપ જાણે.
વડીલોની હૂંફ, જીવનસાથી સંગાથે,
સંતાન પ્રેમથી હર જંગ છાંવ લાગે.
જીવનની ધૂપ છાંવ ભેટ છે ઈશ્વરની, પ્રેમે સ્વીકારી,
કંઈ જુદું જ રચી જઈએ!

**માયા દેસાઈ,મુંબઈ ભારત.**

---

**NOG SS નંબર-૦૦૪૨**
**વિષય ધૂપ છાંવ**
**પ્રકાર -ગદ્ય**
**શીર્ષક-સુખ-દુઃખએ જીવનચક્ર**
**શબ્દ -૨૨૦**

ધૂપ છાંવ એ દિવસનું અભિન્ન અંગ છે. એમ દુઃખરૂપી તડકો અને સુખરૂપી છાયો એ માનવ જીવનનું અભિન્ન અંગ કહેવાય. દુઃખનો તડકો વેઠે એને જ સુખના છાયાની કિંમત સમજાય ખરું ને?

દુઃખની ધૂપમાં સહનશીલતા કેળવી ધીરજ રાખી સમય પસાર કરી નાખવો એજ સાચી સમજદારી છે. કકળાટ કરવાથી કે દુઃખના રોદણાં રડવાથી દુઃખ ટળી જાય? ના..એવી કોઈ જાદુઈ લાકડી અસ્તિત્વમાં નથી આવી!બસ એને મનમાં ન લેવું એજ શ્રેષ્ઠ ઉપાય છે, 'વિપત પડે ના વલખીએ,વલખે વિપત ન જાય; વિપતે ઉદ્યમ કીજિએ,ઉદ્યમ વિપતને ખાય.'

એવી રીતે જ્યારે જીવનમાં સુખની છાંવ આવે ત્યારે છકી ન જવું સમતા રાખવી. દુઃખને જીરવતાં આવડે તો સુખને પચાવતાં પણ શીખવું પડે ખરું ને?

આમ માનવજીવન ધૂપ-છાંવની ધરી પર ફર્યા કરે છે. નથી આખો દિવસ ધૂપ રહેતી કે નથી આખો દિવસ છાયો રહેતો. જેમ ધૂપ અને છાંવ સ્વીકાર્ય છે, તેમ જીવનરૂપી સાગરમાં ક્યારેક સુખરૂપી ભરતી આવે તો ક્યારેક દુઃખરૂપી ઓટ આવે એ પણ એટલી સહજતાથી સ્વીકારવું જોઈએ. સુખ-દુઃખમાં કઈ રીતે જીવવું એ કળા આવડી જાય તો બેડોપાર થઈ જાય. જીવન પરિવર્તનશીલ છે,એ પણ સત્ય હકીકત છે. એ પરિવર્તન સ્વીકારવું એ મનુષ્યનો પરમધર્મ છે.

'હર ઘડી બદલ રહી હૈ રૂપ જિંદગી છાંવ હૈ કભી,કભી હૈ ધૂપ જિંદગી હર પલ યહાં જી ભર જીઓ જો હૈ સમાં કલ હો ના હો.'

**પૂજા(અલકા)કાનાણી**

---

**NOG SS No.0059**
**વિષયઃ શબ્દ- "ધૂપછાંવ ".**
**પ્રકારઃ પદ્ય. કાવ્ય.**
**શીર્ષકઃ "હું તારો મિત્ર".**
**શબ્દોઃ ૧૪૭.**

જયકાન્ત ઘેલાણી -'પ્યારે'.
છું શબ્દ ,પણ તારોજીવનસાથી ધૂપછાંવ,મેઘધનુષરૂપે છૂપાયો,
નવજીવન માટે હું જાતેજ લૂંટાયો
પ્યારે' હું,વર્ષાનો મિત્ર કહેવાયો.

કહે તડકો-છાંયો,કહે ભરતી-ઓટ
કહે દિવસ-રાત,તો કહે સૂખ-દુઃખ
કહે રાક-રંક, કહે સમય-સંજોગ
પ્યાર',શબ્દોઅનેક, અર્થ એકજ.
કહે,ભરતી-ઓટ, ને તિમિર-પ્રકાશ
છે આઘટમાળ,આતારાજ કર્મની
કર્મ બંધને તૂં જીવનભર બંધાયો
પ્યારે'નાતો તૂજીવનસાથે જડાયો.
છે માનવજીવનની ઘટમાળ એવી
'દુઃખપ્રધાન,સુખઅલ્પ થકીભરેલી'
ધૂપછાવ ના અવનવા રંગે રંગેલીદ્ધ
પ્યારે'જીવીજાણો આનંદ ભરેલી
આવે જીવનમા તડકા ને છાંયા
આવે ભરતી-ઓટ ના ઓછાયા
આવે કદી સૂખ-દુઃખના પડછાયા
પ્યારે'જંગજીતી માણીલો જીંદગી.

**જયકાંત ઘેલાણી." પ્યારે "**

# સમસ્ત મહાજન દ્વારા "રાષ્ટ્ર નિર્માણમાં બેંકોની ભૂમિકા" કાર્યક્રમનું મુંબઈમાં આયોજન

વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જાનવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' દ્વારા "રાષ્ટ્ર નિર્માણમાં બેંકોની ભૂમિકા" કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન તા. ૮/૦૫/૨૦૨૨,રવિવારનાં રોજ, બિરલા ક્રીડા કેન્દ્ર ચોપાટી, મુંબઈ ખાતે સવારે ૧૦ વાગ્યાથી ૧ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય વક્તા તરીકે જ્યોતિન્દ્રભાઈ મહેતા(જ્યોતિન્દ્રમામા) (પ્રેસિડેન્ટ- નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટિવ બેંક્સ એન્ડ ક્રેડિટ સોસાયટીઝ લિ. નવી દિલ્હી) , ચેરમેન - ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક્સ ફેડરેશન- અમદાવાદ , અધ્યક્ષ- નેશનલ કો-ઓપરેટિવ ફાયનાન્સિયલ ડેવલપમેન્ટ કો. લિ , ડાઈરેક્ટર - રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., રાજકોટ , ડાઈરેક્ટર - સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો-ઓપરેટીવ બેંક્સ ફેડરેશન, રાજકોટ, કારોબારી સમિતિ સભ્ય - લેંગ લાયબ્રેરી, રાજકોટ , ટ્રસ્ટી - શ્રી અરવિંદભાઈ જનકલ્યાણ ટ્રસ્ટ, રાજકોટ) હાજરી આપશે. આ કાર્યક્રમના અંતે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સમસ્ત મહાજન દ્વારા જાહેર આમંત્રણ આપાયું છે.

સમગ્ર આયોજન અંગે ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય અને સમસ્ત મહાજન સંસ્થાનાં મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ, દેવેન્દ્રભાઈ જૈન, નૂતનબેન દેસાઇ , પરેશભાઈ શાહ, મિતલ ખેતાણી સહિતનાંની ટીમ જહેમત ઉઠાવી રહી છે. વિશેષ માહિતી માટે ગિરીશભાઈ શાહ (મો. ૯૮૨૦૦૨૦૯૭૬) , મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯) નો સંપર્ક કરવા સમસ્ત મહાજનની યાદીમાં જણાવાયું છે.

# ૮ મે, "મધર્સ ડે" મા તે મા બીજા બધા વગડાના વા દવા કામ ન આવે તો નજર ઉતારે, મા છે હાર ક્યાં માને છે !

માનવીય જીવનમાં બાળકનાં જન્?મ પછી એની આસપાસ અનેક સબંધો આપમેળે બંધાય છે પણ મા સાથેનો સંબંધ તો જન્મ પહેલા જ બંધાય જાય છે. માતાજીની મૂર્તિ સમી 'માતા'નાં વાત્?સલ્?ય પ્રત્?યે કૃતજ્ઞતા વ્?યકત કરવા તેમજ તેનું ઋણ અદા કરવા માટે જગતભરમાં મધર્સ-ડે (માતૃદિન)ની ઉજવણી પ્રતિ વર્ષ મે માસનાં બીજા રવિવારે કરવામાં આવે છે. એક માન્યતા અનુસાર આ માતૃદિનની ઉજવણી સર્વપ્રથમ ઇ.સ. ૧૯૦૮માં ફિલાડેલ્?ફિયામાં કરવામાં આવી હતી તો કેટલાક લોકો એમ પણ માને છે કે માતૃદિનની ઉજવણી કરવાનો શ્રેય અમેરિકાન મહિલા અન્ના એમ. જાર્વિસને જાય છે. એવું કહેવામાં આવે છે કે અમેરિકન કાર્યકર અન્ના જાર્વિસ તેમની માતાને ખૂબ પ્રેમ કરતા હતા. જેના કારણે તેમણે ક્યારેય લગ્ન પણ કર્યા નહોતા અને તેમને કોઈ બાળકો પણ નથી. માતાના અવસાન પછી, તેમણે તેમના માતા પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરવા માટે આ દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું. જેના પછી અમેરિકન રાષ્ટ્રપતિ વુડરો વિલ્સને ૯ મે, ૧૯૧૪ નાં રોજ તેને એક કાયદા તરીકે પસાર કર્યો. આ કાયદામાં લખ્યું છે કે મેના બીજા રવિવારને "મધર્સ ડે" ઉજવવામાં આવશે ત્યારથી તે સમગ્ર વિશ્વમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે.

'તૈતરયોપનિષદ'માં એક સંસ્?કૃત વાકય છે, 'માતૃ દેવો ભવ' એટલે કે 'માતા' દેવ તુલ્?ય છે. ભગવાન કૃષ્ણની માતા જશોદા મા એ તો આ માતૃત્વની ઊંડાઈ સાબિત કરી છે. તે વિશ્વનાં સૌથી આદર્શ માતા મનાય છે. ભારતીય સંસ્કૃતિએ માતાને દેવ સમાન ગણી તેનું ગૌરવ વધાર્યું છે. માતાનાં વાત્સલ્યથી અને સંસ્કાર સિંચનથી બાળકનું જીવન ઘડાય છે. માતા હતાશની આશ છે, ભાંગ્યાની ભેરૂ છે, નાસીપાસની પ્રેરણા છે, વિશ્વનું સર્વોત્તમ તીર્થધામ છે, માતાના ચરણતળે જ સ્વર્ગ છે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે છે. માતાનાં વાત્?સલ્?યનું નિર્મળ ઝરણું સતત ગતિમાન હોય છે. તેમની કદર કરવી જોઈએ અને તેનું સાચા અર્થમાં સન્માન કરવું જોઈએ.

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# શાંતિ અને અહિંસા




એક વ્યકિત જો પોતાના ધર્મના પ્રત્યે સમર્પિત હોય તો તેને બીજાઓના ધર્મના પ્રત્યે આદર રાખવો જોઈએ.જે વ્યકિતના મનમાં ઈશ્વરનો ડર છે તે કયારેય બીજા કોઈ જીવની હત્યા કરતો નથી.જીવન ઈશ્વરનું વરદાન છે,વ્યકિત ફકત તેનો સંરક્ષક છે તથા તે કોઈને જીવન આપી શકતો નથી તો કોઈનું જીવન લેવાનો તેને હક્ક નથી.ધર્મના નામ પર બનાવેલ માનવોના આડબંધોએ માનવતાને સંપ્રદાયો તથા વાદોમાં વિભકત કરી દીધેલ છે.તમામ શાંતિદૂત હોવાનો દાવો તો કરે છે પરંતુ નવાઈની વાત તો એ છે કે શાંતિ કયાંય દેખાતી નથી.સમાચારપત્રો વાંચીએ કે ટેલીવિઝનની કોઈપણ ન્યૂઝ ચેનલ જોઈએ તો ખબર પડે છે કે અશાંતિનું સામ્રાજય ચારો તરફ તીવ્રગતિથી ફેલાતું જાય છે.આવી સ્થિતિમાં માનવ માનવ વચ્ચેનું અંતર વધી રહ્યું છે અને પ્રેમ ઓછો થઈ રહ્યો છે.અંદરોઅંદરનો પ્રેમ ઓછો થવો એ ધર્મની ગ્લાનિની મુખ્ય નિશાની છે.પ્રેમના અભાવમાં એક બીજાના પ્રત્યે સત્કારની ભાવના રહેતી નથી,સત્કારની ખામીના કારણે વિશ્વાસ રહેતો નથી,જેના કારણે નફરત પૈદા થાય છે અને હિંસાનો જન્મ થાય છે. ધર્મનો મુખ્ય ઉદેશ્ય એ છે પ્રત્યેક મનુષ્ય નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્માની જાણકારી કરી લે.ઘણા જ ભાગ્યથી મળેલ માનવજીવનનો આ જ એકમાત્ર ઉદેશ્ય છે.ભકિતના નામે કરવામાં આવતા કર્મકાંડ ભકત હોવાનો સંકેત તો આપે છે પરંતુ તેનાથી પ્રભુ પરમાત્માની પ્રાપ્તિ થઈ શકતી નથી.પ્રભુ પ્રાપ્તિ ફકત સમકાલિન સદગુરૂની કૃપાથી જ થાય છે અને આ જ 'વસુધૈવ કુટુમ્બકમ'ની આધારશીલા છે. સંત નિરંકારી મિશન કોઈપણ આધ્યાત્મિક વાતોનું ખંડન કર્યા સિવાય પૂર્ણ રૂપથી આધ્યાત્મિક વાતો અપનાવી નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે અને આ રીતે પ્રેમ,દયા,કરૂણા દ્વારા એક બીજા માનવો વચ્ચે પડેલા અંતરને દૂર કરીને સમગ્ર સંસાર એક પરિવારની ભાવના ફેલાવી રહ્યું છે. સંત નિરંકારી મિશન કોઈને ધર્મ પરીવર્તન કરાવતું નથી પરંતુ પ્રભુ પ્રાપ્તિના દ્વારા સાચા ધર્મની સાથે જોડીને વિશ્વમાં ભાઈચારો તથા માનવ એકતા સ્થાપિત કરી રહ્યું છે.તમામ ધર્મો માને છે કે પ્રભુ પરમાત્મા એક છે તો પછી ધર્મ પણ એક છે: માનવધર્મ કે જે સમગ્ર માનવતાના માટે ઉપયોગી છે એટલે વાસ્તવમાં સંત નિરંકારી મિશન કોઈ નવો ધર્મ કે સંપ્રદાય નથી પરંતુ આધ્યાત્મિકતાની બુનિયાદનો માઈલ સ્ટોન છે. ભૌતિકતાના કારણે એક બીજા માનવ વચ્ચે પડેલું અંતર તો કોઈપણ સાધનના માધ્યમથી ઓછું કરી શકાય છે પરંતુ એકબીજા મનુષ્યો વચ્ચે પડેલ અંતર ઈશ્વરના જ્ઞાન અથવા સત્ય અને સમર્પણ વિના દૂર થઈ શકવાનું નથી.વાસ્તવમાં બ્રહ્મજ્ઞાનથી જ વિશ્વમાં ભાઈચારો સંભવ છે. માનવ સ્વભાવથી જ શાંતિ પ્રિય છે તેનું એક કારણ એ છે કે શાંતિથી જ જીવન જીવવું સંભવ છે. અશાંતિથી તનાવ અને તનાવથી યુદ્ધો થાય છે અને યુદ્ધોનું પરીણામ છે વિનાશ.યુદ્ધમાં મોટી સંખ્યામાં જન-ધનની હાનિ થાય છે.યુદ્ધના કારણે વિકાસના માટેનાં સંસાધન ઓછાં પડે છે.જગતનો કોઈપણ માનવ વિકાસની જગ્યાએ વિનાશ ઈચ્છતો નથી.આ સંદર્ભમાં વિશ્વશાંતિ માનવની સર્વોપરી આવશ્યકતા સિદ્ધ થાય છે.વાસ્તવિકતા એ છે કે દરેક મોટી માછલી નાની માછલીને ખાઇ જાય છે.આ વાત માનવ સ્વભાવના સંદર્ભમાં પણ સત્ય લાગે છે.પ્રાચીનકાળથી જ વિભિન્ન દેશો વચ્ચે અંદરો અંદર તનાવ હતો.તનાવના કારણે લોકોના મનમાં શંકાનાં વાદળો ઘેરાયેલાં રહેતાં અને તે એક બીજાના પ્રત્યે આશંક્તિ રહેવા લાગ્યા. પ્રેમનું સ્થાન આશંકાએ લીધું અને એકબીજા દેશો વચ્ચે શત્રુતા વધવા લાગી.શત્રુતાના કારણે વિનાશક હથિયારો બનવા લાગ્યા.જે દેશોની પાસે વિનાશક હથિયારો બનાવવાની ક્ષમતા ન હતી તેમને બીજા દેશો પાસેથી હથિયારો ખરીદ્યા તેનાથી બીજા દેશોને તો વધુ લાભ થયો પરંતુ નાના નાના દેશો દેવાંના ભાર નીચે દબાઇ ગયા.ગરીબી તેમનું નશીબ બની ગઇ અને તે વિકાસની દોડમાં પાછળ પડી ગયા.આ સમસ્યાનું એકમાત્ર સમાધાન એ છે કે માનવ વધુને વધુ અહિંસાનો આશરો લે.અહિંસાનો શાબ્દિક અર્થ છે કોઇપણ પ્રકારની હિંસા ન કરવી.તન મન ધનથી કોઇના પણ વિરૂદ્ધ દુર્ભાવનાપૂર્વક વ્યવહાર ન કરવો, કોઇના ઉપર પણ હુમલો ન કરવો.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ભારતીય સૈનિકે અમેરિકામાં ઈતિહાસ રચ્યો, ૩૦ વર્ષ જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો

નવીદિલ્હી,તા.૭

ભારતનો અમેરિકામાં ઈતિહાસઃ ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝ ઈવેન્ટમાં રાષ્ટ્રીય રેકોર્ડ ધારક અવિનાશ સાબલે ૫૦૦૦ મીટર દોડમાં નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે. તેમણે ૧૩:૨૫.૬૫ મિનિટમાં રેસ પૂરી કરીને બહાદુર પ્રસાદનો ૩૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો. બહાદુરે આ રેકોર્ડ વર્ષ ૧૯૯૨માં બનાવ્યો હતો. અમેરિકાના કેલિફોર્નિયામાં યોજાયેલી રેસમાં અવિનાશ ૧૨માં નંબરે રહ્યા હતા, પરંતુ આ દરમિયાન તેમણે નેશનલ રેકોર્ડ બનાવ્યો હતો. નોર્વેના જેકોબે ૧૩ મીટ ૨ સેકન્ડમાં રેસ પૂરી કરી અને સ્પર્ધા જીતી લીધી. તેમણે ટોક્યો ઓલિમ્પિકમાં ૧૫૦૦ મીટરની દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

સૌથી ઓછા સમયમાં ૩૦૦૦ મીટર સ્ટીપલચેસ પૂર્ણ કરવાનો રેકોર્ડ અવિનાશ સાબલેના નામે છે. તેમણે ઘણી વખત પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે. ટોક્યો ઓલિમ્પિકમાં અવિનાશ સાબલે ૮:૧૮.૧૨ ના સમય સાથે રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો, પરંતુ ફાઈનલમાં પ્રવેશ કરવામાં નિષ્ફળ ગયો. આ સ્પર્ધામાં તે સાતમા ક્રમે રહ્યા હતા. આ પહેલા પણ ત્રણ હજાર મીટર સ્ટીપલ ચેઝનો રેકોર્ડ તેના નામે હતો. સેબલે માર્ચ ૨૦૨૧માં ફેડરેશન કપમાં ૮:૨૦.૨૦ મિનિટમાં રેસ પૂરી કરીને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો હતો.

મહારાષ્ટ્રના બીડ જિલ્લાનો રહેવાસી અવિનાશ સેનાના સૈનિક છે. ૨૭ વર્ષીય બહાદુર પ્રસાદનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો છે, જેમણે બર્મિંગહામમાં ૧૯૯૨ની ઈવેન્ટમાં ૧૩:૨૯.૭૦ મિનિટમાં રેસ પૂરી કરી હતી. સેબલે ૩૦૦૦ મીટર સ્ટીપલચેસમાં પોતાનો જ રાષ્ટ્રીય રેકોર્ડ ઘણી વખત તોડ્યો છે. તિરુવનંતપુરમમાં ઈન્ડિયન ગ્રાન્ડ પ્રિકસ દરમિયાન તેમણે ૮:૧૬.૨૧ મિનિટમાં રેસ પૂરી કરીને સાતમી વખત પોતાનો જ રેકોર્ડ તોડ્યો. તે ૧૫ જુલાઈથી અમેરિકામાં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય થઈ ચૂક્યો છે.

ભારતીય એથ્લેટિક્સના મુખ્ય કોચ રાધાકૃષ્ણન નાયરે જણાવ્યું હતું કે તેઓ એશિયન ગેમ્સમાં અવિનાશને ૩૦૦૦ મીટર સ્ટીપલચેસ અને ૫૦૦૦ મીટર રેસ બંનેમાં મેદાનમાં ઉતારવાની યોજના બનાવી રહ્યા હતા. તે બંને ઈવેન્ટમાં મેડલ જીતવાની ક્ષમતા ધરાવે છે. એશિયન ગેમ્સ ૧૦ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ચીનના હાંગઝોઉમાં યોજાવાની હતી, પરંતુ કોરોનાના વધતા જતા કેસોને કારણે તેને ૨૦૨૩ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.

# દીર્ઘ દ્રષ્ટા, સમાજ સેવક અને આજીવન સેવાના ભેખધારી સ્વ. ડો. એલ. પી. સવસાણી સાહેબને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સમગ્ર માણાવદર પંથકમાં અડધી સદી ઉપરાંત આરોગ્ય અને શિક્ષણ માટે સતત પ્રવૃત્ત રહેલાં સ્વ. ડૉ. એલ. પી. સવસાણી સાહેબની ૯૧ વર્ષની વયે વિદાયથી આ પંથકે એક મૂક સમાજ સેવક ગુમાવ્યાનો વસવસો છે. તેમની વિદાયથી સમાજને ક્યારેય ન પૂરી શકનારી ખોટ હમેશ સાલશે. જૂની પેઢીના કવચિત આ અંતિમ પાયાના પથ્થરે આપણી વચ્ચેથી તા. ૨૮/૦૪/૨૦૨૨ ના રોજ વિદાય લઈ પંચમહાભૂતમાં વિલીન થયા છે, ત્યારે આપણે સૌ તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ.

ઇ.સ. ૧૯૩૦/૩૧ માં જન્મેલા સવસાણી સાહેબે આઝાદી પહેલાંનો ખાસ્સો સમય પોતાની આંખે નિહાળેલો. પ્રાથમિક માધ્યમિક અભ્યાસ પૂર્ણ કરી વધુ અભ્યાસ અર્થે તેઓ મુંબઈ ગયેલા. ડૉક્ટર બન્યા પછી આજીવન માણાવદર પંથક માટે સમર્પિત રહ્યા. માણાવદર શહેરની વચાળે ગાંધીચોકમાં તેમનું નિવાસ અને કર્મભૂમિ પણ ત્યાંજ. જૂના સમયમાં માણાવદર ખાતે ડોકટરની પ્રેક્ટિસ કરતાં ડૉ. નરભેરામભાઈ જોશી બાદ એક માત્ર ડૉ. સવસાણી સાહેબ હતા. સાચા અર્થમાં સમાજ સેવાનો મક્કમ નિર્ધાર કરી સમાજના દરેક વર્ગો ખાસ કરીને ગરીબ ગુરબાઓની સારવારના તેઓ બેલી બન્યા. એટલું જ નહીં માણાવદર પંથકના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં એ સમયે તો વાહનોની કોઈ સુવિધા નહોતી ત્યારે તેઓ ઘોડેસવારી દ્વારા ગામડે પહોંચતા અને ત્યાં દર્દીઓની સારવાર કરતાં. તેમના ક્લિનિક પર આવેલ કોઈ પણ દર્દી સારવાર વગર ક્યારેય પરત ફર્યા હોય એવો કોઈ દાખલો નથી.

સ્વભાવે બિલકુલ શાંત અને સરળ, મિતભાષી એવા સવસાણી સાહેબની સેવાની સુગંધ જેમ જેમ પ્રસરવા લાગી તેમ તેમ તેમની સમાજ પ્રત્યેની સાચા અર્થમાં સેવા વધતી ગઈ.

સમાજના ઉત્કર્ષ માટે આરોગ્યની સાથે શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે એ તથ્યને માત્ર સ્વીકારીને નહિ પણ તેમણે અમલમાં મૂકી બતાવ્યો. જેના પરિણામ સ્વરૂપે તેમના સઘન પ્રયત્નોથી માણાવદર ખાતે ઈસ. ૧૯૬૭ માં લાયન્સ કલબ માણાવદરની સ્થાપના થઈ. જેના પાયાના પથ્થર તરીકે ડૉ. એલ. કે. પંચોલી સાહેબ, ડૉ. સવસાણી સાહેબ, ડૉ. વી.ડી. પટેલ, શ્રી નાનુભાઈ જસાણી તથા અન્ય સેવાભાવી લોકો હતાં. ત્યાર બાદ ડૉ. રોજીવાડિયા, ડૉ. પરીખ , ડૉ. તન્ના સાહેબ, ડૉ. પંકજભાઈ જોશી વગેરે અનુગામી તરીકે લાયન્સ



2022/5/1 09:37

કલબ માણાવદર સાથે ક્રમશઃ જોડાતાં ગયા. ઉપરાંત તુલસીદાસભાઈ , પ્રભુદાસભાઈ ગાથા જેવા નામી અનામી અસંખ્ય સેવાભાવી મિત્રોના સહકારથી આ સંસ્થા એક વટવૃક્ષ તરીકે વિકસતી ગઈ.

અહીંથી આરોગ્ય અને શિક્ષણની વિધિવત શરૂઆત થઈ. લાયન્સ ક્લબ માણાવદર દ્વારા થતી અનેકવિધ પ્રવૃત્તિઓ પૈકી સર્વ રોગ નિદાન કેમ્પ, મોતિયાના ઓપરેશન કેમ્પ બ્લડ ડોનેશન કેમ્પ વગેરે કેમ્પ નિયમિત રીતે યોજાવાની શરૂઆત થઈ, જે આજે પણ એ જ રીતે કાર્યરત છે. છેલ્લા ૫૫ વર્ષોમાં આશરે ૫૦૦ થી વધુ કેમ્પો યોજીને ગામડે ગામડે સેવાની મહેક પ્રસરાવવાનું શ્રેય લાયન્સ કલબ માણાવદરને ફાળે જાય છે. ડૉ. સવસાણી સાહેબ આજીવન લાયન્સ ક્લબ માણાવદર સાથે સમર્પિત રહયા અને ડિસ્ટ્રીકટ ગવર્નર પણ બન્યા. અહીં વિશેષ ઉલ્લેખ એ કરી શકાય કે ડિસ્ટ્રીકટ ગવર્નરની પસંદગીમાં જે તે વર્ષે તેઓ બિનહરીફ ચૂંટાયેલા.

એ સમયે આંખના મોતિયાના ઓપરેશન માટે સરકારી હોસ્પિટલ માણાવદર ખાતે જ નિદાન થતું અને મોતિયાના ઓપરેશન પણ માણાવદર ખાતે જ થતાં. સ્વયં ડૉ. અર્ધવ્યુ સાહેબ અહીં ઓપરેશન માટે આવતાં. ત્યાર બાદ એક અઠવાડિયા સુધી દર્દીને હોસ્પિટલ સામે આવેલી જૂની કન્યાશાળા ખાતે રાખવામાં આવતાં. ઓપરેશનથી લઈને સાત દિવસના રોકાણ સુધીનો એક પણ ખર્ચ દર્દીએ ચૂકવવાનો રહેતો નહિ. આ સમયગાળો એટલે ૧૯૭૫ થી ૧૯૮૦ નો. સમગ્ર કેમ્પના સુંદર અને સફળ સંચાલન માટે ડૉ. સવસાણી સાહેબ અને તેમની ટીમ સતત કાર્યરત રહેતી. આ પ્રકારના વિવિધ કેમ્પ થકી હજારો દર્દીઓએ વિના મૂલ્યે ઉત્કૃષ્ટ સારવાર મેળવી છે.

આરોગ્યની સાથે શિક્ષણના મહત્વને ચરિતાર્થ કરવા લાયન્સ ક્લબ માણાવદર દ્વારા પછીના વર્ષોમાં લાયન્સ સ્કૂલની સ્થાપના કરવામાં આવી. શરૂઆતમાં નાનું સંકુલ અને પ્રાથમિક ધોરણો અને ત્યાર બાદ આ સંસ્થા માણાવદર ખાતે પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સુધી વિકાસ પામી. માણાવદરની તાલુકાશાળા તથા સરકારી હાઈસ્કૂલને બાદ કરતાં તે સમયે અન્ય કોઈ પણ શાળાઓ આ પંથકમાં કાર્યરત નહોતી, એ સમયે લાયન્સ સ્કૂલ દ્વારા ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાની શરૂઆત થઈ, જે આજે પણ એ જ ઉત્સાહથી કાર્યરત છે. સ્વ. ડૉ. સવસાણી સાહેબ આજીવન લાયન્સ સ્કુલના સક્રિય ટ્રસ્ટી રહ્યા. એ સમયે કન્યા કેળવણીને ખાસ પ્રોત્સાહનની આવશ્યકતા હતી, ત્યારે બહેનો માટે લાયન્સ સ્કુલ માણાવદર દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી. પરિણામ સ્વરૂપે અસંખ્ય બહેનોએ અહીંથી ઉચ્ચ માધ્યમિક સુધી વિના મૂલ્યે શિક્ષણ પ્રાપ્ત કર્યું. અસંખ્ય વિદ્યાર્થીઓ અહીંથી અભ્યાસ કર્યા બાદ ઉચ્ચ પદ સુધી પહોંચ્યા છે. સ્વ. ડૉ. સવસાણી સાહેબની દીર્ઘ દ્રષ્ટિ, મક્કમ નિર્ધાર અને અડગ નિશ્ચયથી સમગ્ર પંથકને શ્રેષ્ઠ શિક્ષણ મળ્યું તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. લાયન્સ સ્કુલના દરેક કાર્યક્રમોમાં , રાષ્ટ્રીય પર્વો દરમિયાન ડૉ. સવસાણી સાહેબ નિયમિત રીતે બિનચૂક હાજરી આપતાં. દિવસનો મોટા ભાગનો સમય તેમના ક્લિનિક પર દર્દીઓને તપાસવામાં, કેમ્પના આયોજનમાં તેમજ શિક્ષણ ક્ષેત્રે સતત પ્રગતિ માટેના આયોજનમાં જ પસાર થતો.

આકાશવાણી રાજકોટ દ્વારા ડૉ. સવસાણી સાહેબના અસંખ્ય સંવાદોનું પ્રસારણ પણ થયેલું. આજીવન સેવાના આ ભેખધારીએ તેમનું સમગ્ર જીવન સમાજસેવાને અર્પણ કર્યું.

થોડાં સમયથી વધતી વયને કારણે તેઓ ક્લિનિક પર કે અન્ય કાર્યક્રમોમાં હાજરી આપી ન શક્યા, પરંતુ તેમના દ્વારા આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે થયેલા સફળ પ્રયાસોનું સમગ્ર માણાવદર પંથક આજીવન ઋણી રહેશે.

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

## દાહોદ જીલ્લામાં અખાદ્ય પદાર્થોનું વેચાણ કરનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ જીલ્લામાં અખાદ્ય પદાર્થોનું વેચાણ કરનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરાઈ રહી છે. દાહોદની યાદગાર હોટલમાંથી મીઠાઈનો નમુનો અસલામત સાબિત થતા હોટલના માલિક ઈકબાલભાઇ શેખને એક મહિનાની કેદ અને રૂ. ૭૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, દાહોદનાં ફૂડ સેફટી ઓફિસર દ્વારા દાહોદની યાદગાર હોટલમાંથી વિક્રેતા અબ્દુલ કુંદાણા પાસેથી લાલ ગુલાબની મીઠાઈનો નમુનો લઇ ભુજ ખાતેની લેબોરેટરીમાં પૃથ્થકરણ અર્થે મોકલાયો હતો. જે નમુનો અનસેફ ફુડ જાહેર થયું હતું.

ત્યાર બાદ ફુડ સેફટી ઓફિસર દ્વારા દાહોદ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેનો ચુકાદો ગત તા. ૫ મેના રોજ દાહોદનાં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ત્રિવેદી દ્વારા અપાયો હતો અને યાદગાર હોટલના માલિક ઈકબાલભાઈ શેખને એક મહિનાની કેદ અને રૂ. ૭૫ હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ દોઢ મહિનાની કેદનો હુકમ કરાયો છે.

## અમદાવાદ આર.ટી.ઓ.માં મોટરસાયકલ અને મોટરકારની જુની-નવી સિરિઝ માટે ઈ ઓકશન

સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ (પૂર્વ), મહાદેવ નગર,વસ્ત્રાલ રોડ,અમદાવાદ દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે મોટરસાયકલ અને મોટરકારની જુની-નવી સિરિઝના સિલ્વર અને ગોલ્ડન નંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુક વાહનમાલિકોએ આગામી તા.૧૦થી ૧૨ મે ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાની રહેશે.

આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી http://vahan.parivahan.gov.in/fancy પર આગામી તા. તા.૧૦ થી ૧૨ મે ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન સી એન એ ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ તા. ૧૩ થી ૧૫ મે ૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.તા.૧૫ મે ૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનના ફોર્મ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે. સફળ ઉમેદવારોએ વધારાની ભરવાની બીડીંગની રકમ પણ પાંચ દિવસમાં જમા કરાવવાની રહેશે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

## રક્તદાન કેમ્પ, શાકાહાર, અંગદાન જાગૃતિની પ્રેરણા અપાશે

# શ્રીનાથજી ભક્તિ સંધ્યા-છાત્રાળા પરિવાર તરફથી સૌને ભાવભર્યું આમંત્રણ

જિંદગીના રંગમંચ ઉપર ખૂબ જ ખંત અને મહેનતથી ભૂમિકા ભજવી ચૂકેલા પરિવાર અને સમાજમાં ખૂબ જ નાની વયમાં મોટું કાર્ય કરી ગંભીર બીમારીનાં કારણે દેહ - વિલય પામેલા મનીષભાઈ છત્રાળાનાં જીવનયાત્રાના અંતના એક વર્ષ પૂર્ણતાના આરે ભાવથી અંજલિ આપવા સૌને છત્રાળા પરિવાર તરફથી હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે શ્રીનાથજીની પૂજા અર્ચના કરી સ્વ શ્રી મનીષભાઈ છત્રાળાની ભાવભરી શ્રધાંજલિ આપવા સૌને આમંત્રણ આપવામાં આવે છે. આ પ્રસંગે કૃષ્ણ પ્રાર્થનાનું આયોજન છે. નિધીબેન ધોળકિયા અને મયુરભાઈ બુદ્ધદેવ તેમની ટીમ સાથે કૃષ્ણ પ્રાર્થના કરશે. આ સાથે પ્રવર્તમાન ગરમીના સમયમાં સીવીલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે રક્તદાન કેમ્પનું પણ આયોજન છે. આ તકે રકતદાન કેમ્પ, શાકાહાર પ્રચાર પ્રસાર અભિયાનનો પણ લાભ લેવાની અપીલ છે. જમનભાઈ મોહનભાઈ છાત્રાળા, અનિલાબેન મોહનભાઈ છાત્રાળા, શૈલેષભાઈ જમનભાઈ છાત્રાળા તરફથી સૌને નિમંત્રણ છે. આ કાર્યક્રમનાં શુભેચ્છક શુભમ ગેર, ઓર્ગન ડોનેશન ટીમ- રાજકોટ, મિતલ ખેતાણી (એનિમલ હેલ્પલાઈન - રાજકોટ), શૈલેષભાઈ ઠુમ્મર (સમન્વય એન્જી), ડો. વિજયભાઇ દેસાણી, સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ, રમેશભાઈ ઠક્કર, વિજયભાઈ ડોબરિયા (સદભાવના વૃદ્ધાશ્રમ), મુકેશભાઈ દોશી તથા અનુપમભાઈ દોશી, ધીરેન્દ્રભાઈ કાનાબાર, હર્ષિતભાઈ કાવર છે. લોહી રેડીને જીંદગીને અડીખમ રાખી સેવાકીય પ્રવૃતિઓ કરી એવા મનીષભાઈની પુણ્યતિથી નિમિતે રકતદાન કરી તેમજ અંગદાનનો સંકલ્પ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવા વિનંતી. આ કાર્યક્રમ ૯ મે, સોમવારે બપોરે ૩ વાગ્યે હેમુ ગઢવી હોલ, વિરાણી સ્કૂલની બાજુમાં, ટાગોર રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ચકલીના કુંડા, માળાનું વિતરણ તેમજ ગૌપુજન પણ રાખવામાં આવ્યું છે. આ અંગે વધુ માહિતી માટે અનિલાબહેન છત્રાળા(મો. ૯૪૨૬૯ ૬૪૬૬૫)નો સંપર્ક કરવા વિનંતી છે. સૌ સાથે ભોજન પ્રસાદ લેશું.

# મધર્સ–ડે ને 'ગાય માતા' દિવસ ઉજવીને આપણે સૌ વેલનેસ મેળવીએ : રમેશભાઈ ઠક્કર

આવતીકાલે તા.૦૮, મે, રવીવારના રોજ 'મધર્સ–ડે' ઉજવવામાં આવે છે. આપણી સંસ્કૃતિ ભુલીને વિદેશમાં ચાલતા અલગ-અલગ દિવસોની ઉજવણી આપણે કરી રહયાં છીએ. ફાધર્સ–ડે, મધર્સ–ડે, ફલાવર–ડે, વેલેન્ટાઈન–ડે, વિગેરેની ઉજવણી કરીએ છીએ. વિદેશમાં દરેક દિકરો કે દિકરી ૧૮ વર્ષ પછી પોતે બહાર ભણવા જાય છે તથા પોતાના પરીવારથી અલગ રહેવા જાય છે. જેણે મા–બાપને આવા દિવસોએ જ મળવાનું થાય છે. જયારે આપણા પરીવારોમાં આપણી ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સંતાનો જીવનભર મા–બાપ સાથે જ રહેતા હોય છે. અને તેમણે વંદન કરવાનો નિયમ આપણે ત્યાં છે. એટલું જ નહી આજુબાજુમાં રહેતા વડીલોને પણ કાકા, માસા, દાદા કહીને પગે લાગીએ છીએ. જેથી આપણે મધર્સ–ડે ઉજવવાની જરૂરીયાત રહેતી નથી.



જેની સામે આપણા દરેક ભગવાન—માતાજી પાસે કોઈપણ પશુ—પક્ષીઓનું વાહન છે. તેવી જ રીતે કૃષ્ણ ભગવાનને ગાય માતા પ્રિય છે. એ ગાયમાતા કૃષ્ણ ભગવાનની પણ માતા છે અને વિશ્વની પણ માતા છે. અને માતાના દુધ પછી આપણને જીવનભર ગાયમાતા અમૃત જેવું દુધ આપે છે. જેથી આપણે અને આપણા આંગણે બાંધીએ અથવા તો ગૌશાળામાં— પાંજરાપોળમાં લીલો સૂકો ચારો દાન–અર્પણ કરીને 'મધર્સ–ડે ' ઉજવીએ તે જ આપણી ભારતીય સંસ્કૃતિ છે. જેના દ્વારા જમીનનું નવ સર્જન થાય છે. જે અનાજ-પાણી ઉત્પન્ન થાય છે. તેની જે ઓર્ગેનીક એટલે કે શકિતપ્રદ મળે છે. જે ખોરાક દ્વારા આપણું જીવન શકિતપ્રદ, સ્ફૂર્તિવાન તથા નીરોગી બને છે. તેના હીસાબે આપણું મન દયાવાન અને કરૂણામય બને છે. ખોટા વિકારો ઉત્પન્ન થતાં નથી જેથી આપણે હિંસાત્મક પ્રવૃતિઓ કરવાથી બચી શકીએ છીએ. આપઘાત કરવાના પણ વિચારો આપણા મનમાં આવતા નથી.

તા.૧ ફેબ્રુઆરી 'વેલેન્ટાઈન–ડે' ને બદલે 'કાઉ–ડે' ઉજવીને રાજકોટની ભાગોળે આવેલ શ્રીજી ગૌશાળામાં ગાય માતાને ભેટી ઉર્જા પ્રાપ્ત કરવાનો એક નવો ચીલ્લો થોડા વર્ષોથી શરૂ થયો છે. આ દિવસ પણ આપણે ગૌ, ગંગા, ગાયત્રી, અને ગોવીંદનો સુમેલ છે તેવી દેશી ગાયમાતાને ભેટીને 'ગાય માતા' દિવસ ઉજવીને આપણે સૌ વેલનેસ મેળવીએ.

## અમદાવાદ આર.ટી.ઓ.માં મોટરકારની નવી સિરિઝ GJ-27EB માટે ઈ-ઓકશન

આર.ટી.ઓ. અમદાવાદ દ્વારા લાગતા વળગતા તમામ વાહનોના માલિકોને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં મોટરકારના નંબરોને લગતી હાલની સીરીઝ GJ -27EB માટે સિલ્વર અને ગોલ્ડન નંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે ઓનલાઇન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. તા.૨૩/૦૫/૨૦૨૨ થી તા. ૨૫/૦૫/૨૦૨૨ સુધી ઓનલાઇન નંબર રજિસ્ટ્રેશન કરાવવાનો રહેશે. વાહન માલિકો તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/parivahan પર રજિસ્ટ્રેશન કરી ઈ-ઓકશનમાં ભાગ લઈ શકશે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવીને ઑનલાઈન સી એન એ ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ તા. ૨૬ અને મે -૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.તા.૨૮ મે ૨૦૨૨ ના રોજ ઈ-ઑકશનના ફોર્મ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે. સફળ ઉમેદવારોએ વધારાની ભરવાની બીડીંગની રકમ પણ પાંચ દિવસમાં જમા કરાવવાની રહેશે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# પાટણ શ્રી રોટલીયા હનુમાનજી ના દર્શન કરી ધન્યતા અનુભવી : અંજલિ મેહતા



પાટણ : ભક્તિ અને આસ્થા નું કેન્દ્ર જયાં જીવ અને શિવ સમાન છે.રોટલીયા હનુમાનજી ભૂખ ભંજન ,દુઃખ ભંજન છે.આ શબ્દ છે.×તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા× ફેમ અભિનેત્રી અંજલિ મેહતા (નેહા મેહતા) ના.આજરોજ સાંજે પાટણ શહેરના શ્રી રોટલીયા હનુમાનજી મંદિર સુપ્રસિદ્ધ અભિનેત્રી નેહા મેહતા દાદા ના દર્શન માટે પધાર્યા હતા. જયાં એમની ×રામ રોટી × તુલા કરવામાં આવી. જયાં સ્નેહલભાઈ પટેલે મંદિર દ્વારા ચાલતી સેવાકીય કાર્ય વિશે માહિતી આપી. કાર્યક્રમ દરમિયાન નેહા મહેતાએ મંદિર પરિસર માં આવેલ પવિત્ર વડ અને સમી દાદા (વૃક્ષ દેવ )ના પણ આસ્થા સાથે દર્શન કર્યા હતા. તેમજ હનુમાનજી દાદા ના દર્શન કરી રોટલીરૂપી પ્રસાદ અર્પણ કર્યો હતો. નેહા મેહતાએ આગળ વાત કરતા જણાવ્યું કે જગતમાં પ્રથમ એવા શ્રી રોટલીયા હનુમાનજી દાદા ના દર્શન કરી હું પોતાને ખૂબજ ભાગ્યશાળી સમજુ છુ.

તેમજ સ્નેહલભાઈ અને તેમની સમગ્ર ટીમ ને સેવાકાર્ય માટે શુભેચ્છાઓ પાઠવું છું. આ શુભ પ્રસંગે અગ્રણી આગેવાન મનોજભાઈ પટેલ ,મલ્હારભાઈ, દીપકભાઈ ,પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ નેહા મેહતા સાથે સેલ્ફી લેવા માટે ખુબજ મોટી સંખ્યામાં એમના ફેન અને ચાહકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નાના ભૂલકાઓ અને બહેનો ની સંખ્યા વિશેષ રહી હતી.

રિપોર્ટ : ભરત જોષી (મહારાજ),પાટણ

# અમદાવાદમાં બિઝનેસ નેટવર્ક ઈન્ટરનેશનલ દ્વારા આયોજિત પરિસંવાદમાં યુવા ઉદ્યોગસાહસિકોને મુખ્યમંત્રીશ્રીનું સંબોધન




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી ગુજરાતમાં યોજાઇ રહેલી વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતા અને રાજ્ય સરકારની સ્ટાર્ટઅપ, ઈનોવેશન, એમ.એસ.એમ.ઈ, માટેની પ્રોત્સાહક નીતિઓના પરિણામે દેશ અને દુનિયાના ઉદ્યોગકારો, મૂડી રોકાણકારો ગુજરાતમાં આવવા ઉત્સુક હોય છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાત દેશમાં સૌથી વધુ ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ મેળવીને ટોચ પર રહ્યું છે મુખ્યમંત્રીશ્રી અમદાવાદમાં બિઝનેસ નેટવર્ક ઈન્ટરનેશનલ દ્વારા આયોજિત પરિસંવાદમાં યુવા ઉદ્યોગસાહસિકોને સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકારની પોલીસીઝ ઉપરાંત શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષાના ક્ષેત્રાના સુદ્રઢ તેમજ સુગ્રથિત વાતાવરણને પરિણામે લોકો ભારતમાં ખાસ કરીને ગુજરાત ઉપર વેપાર, ઉદ્યોગ, ધંધા માટે પ્રથમ પસંદગી ઉતારે છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની યુવાશક્તિના ટેલેન્ટને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડી તેની શક્તિથી ભારતને વિશ્વમાં અગ્રેસર રાખવાની પ્રેરણા આપેલી છે અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા જેવી પહેલ કરી છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ગુજરાત પણ એ જ પદચિન્હો પર ચાલીને આ સરકાર યુવાઓને જોબ ક્રિએટર બનાવવા વધુને વધુ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપે છે૨૦૧૫થી સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન સ્કીમ અમલી બનાવી છેએટલું જ નહીં, અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ સ્ટાર્ટ અપને ૫૧.૮૩ કરોડની સહાય આપવામાં આવી છે. ગુજરાતમાં આજે સાડા આઠ હજારથી વધુ સ્ટાર્ટઅપ કાર્યરત છે અને ૧૨૫ જેટલી પેટન્ટ ફાઇલ કરવામાં આવી છે, તેમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારત આજે વિશ્વમાં યુનિકોર્ન સ્ટાર્ટ અપમાં ત્રીજા નંબરે છે. રાજ્ય સરકાર સામાજિક ક્ષેત્રોમાં પણ ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા સામાજિક પ્રભાવ ધરાવતા સ્ટાર્ટઅપને ૧૦ લાખથી વધુ સીડ ફંડિંગ આપે છે

શ્રી ભૂપેન્દ્ર પટેલે આઝાદીનો અમૃત મહોત્સવ ગુજરાતમાં યુવા સ્ટાર્ટઅપ દ્વારા રોજગારી નિર્માણના ક્ષેત્રો માટે અમૃતકાળ બને તેવી અપેક્ષા સાથે બીએનઆઇ જેવી સંસ્થાઓનો સહયોગ તેમાં ઉદ્દીપક બનશે તેવો મત દર્શાવ્યો હતોબીએનઆઇના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી યશ વસંત, એરીયા ડાયરેક્ટર શ્રી સ્નેહલ પટેલ તેમજ અગ્રણી અને પીઢ અદાકાર કબીર બેદી સહિત યુવા ઉદ્યોગસાહસિકો આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.